RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - પૂનમ  મંગળવાર, તા.૨૩-૦૪-૨૦૨૪  અંક : ૧૫૬ વર્ષ : ૨૧  news@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# લોકસભાની ૨૫ બેઠકોમાં ૨૬૬ ઉમેદવારો મેદાનમાં

## સુરત બેઠક બિન હરીફ થતા હવે ૨૫ બેઠક પર જ ૭મી મેએ મતદાન : ૧૯ મહિલા ઉમેદવારો મેદાનમાં

## અમદાવાદ બેઠક પર સૌથી વધુ ઉમેદવાર : સૌથી ઓછા ત્રણ ઉમેદવારો બારડોલી બેઠક પર



અમદાવાદ,

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકોની ચૂંટણીમાં ૧૯ મહિલાઓ સાથે કુલ ૨૬૬ તેમજ વિધાનસભાની પાંચ બેઠકોમાં ૨૪ ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે. ઉમેદવારી પત્રોની ચકાસણી અને ફોર્મ પાછા ખેંચાયા પછી આખરી ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે.

રાજયના મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના જણાવ્યા પ્રમાણે લોકસભાની ૨૬ બેઠકો માટે ૪૩૩ અને વિધાનસભા માટે ૩૭ ઉમેદવારો મેદાનમાં હતા પરંતુ ઉમેદવારી ફોર્મની ચકાસણી પછી લોકસભામાં ૩૨૮ અને વિધાનસભામાં ૨૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. ચૂંટણી પંચે ૧૦૫ ઉમેદવારીપત્રો રિજેક્ટ કર્યા હતા. ૬૨ ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા પછી ઉમેદવારોની ફાઈનલ યાદી તૈયાર કરવામાં આવી હતી, જે પૈકી લોકસભાની અમદાવાદ બેઠક ઉપર સૌથી વધુ ૧૮ ઉમેદવારો સ્પર્ધામાં છે જ્યારે સૌથી ઓછા ત્રણ ઉમેદવારો બારડોલી બેઠક પર રહ્યાં છે. એવી જ રીતે વિજાપુર વિધાનસભાની બેઠકમાં સૌથી વધુ આઠ ઉમેદવારો અને સૌથી ઓછા બે ઉમેદવારો વાઘોડિયા બેઠક પર ચૂંટણી લડી રહ્યાં છે.

# સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે દાદાને સુવર્ણ વાઘાનો શણગાર



સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે હનુમાનજી જયંતી નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે મંગળા આરતી, શણગાર આરતી તેમજ દાદાને સુવર્ણના વાઘાનો શણગાર કરવામાં આવ્યો છે. મંદિર પરીસરમા સંતો દ્વારા ૨૫૦ કિલોની કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી. સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે હજારોની સંખ્યામાં ભક્તોએ જય શ્રીરામના નારા લગાવી મંદિર પરીસર ગુંજી ઉઠ્યું હતું.

# ફોર્મ રદ થયા બાદથી નિલેશ કુંભાણી લાપતા

## સુરતમાં કોંગ્રેસના સમર્થકોએ નિલેશ કુંભાણીના ઘરે પહોંચી હોબાળો કર્યો




સુરત

સુરત લોકસભા બેઠક છેલ્લા ઘણા દિવસોથી ચર્ચામાં હતી. જ્યા ગઈકાલે સોમવારના રોજ ૮ ઉમેદવારોએ પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લીધું હતું જે પછી ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ સાંસદ બન્યા છે. બે દિવસ પહેલા સુરત લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભણી નું ઉમેદવારી ફોર્મ ટિકાકારોની ખોટી સહી મામલે રદ કરવામાં આવ્યું હતું. વળી નિલેશ કુંભાણી નું ફોર્મ રદ થયા બાદથી તેમનો ફોન બંધ આવતા કોંગ્રેસ ના નેતાઓ લાલઘૂમ થયા હતા. હવે આજે સવારથી જ નિલેશ કુંભાણીના ઘરે કોંગ્રેસ સમર્થકોએ હોબાળો શરૂ કર્યો છે.

નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયા બાદથી તેઓ સંપર્ક વિહોણા થઈ ગયા છે. જેને લઈને આજે કોંગ્રેસના સમર્થકોએ નિલેશ કુંભાણીના ઘરે પહોંચી હોબાળો કર્યો હતો. કોંગ્રેસના સમર્થકોએ હાથમાં "નિલેશ કુંભાણી જનતાના ગદ્દાર" ના બેનર સાથે વિરોધ કર્યો હતો.કુંભાણીના ઘરે મોટી સંખ્યામાં કોંગ્રેસના સમર્થકો પહોંચી જતા પોલીસ પણ હરકતમાં આવી હતી. પોલીસ કુંભાણીના ઘરે પહોંચી ટોળાને કાબુમાં લેવાનો પ્રયત્ન શરૂ કર્યો હતો. અહીં સૌથી મોટી વાત એ છે કે, નિલેશ કુંભાણી ક્યાં છે તેની કોઈ ખબર નથી. મળતી માહિતી અનુસાર, સરથાણા વિસ્તારમાં તેમના ઘરે તાળા લગાવેલા છે.

# મલેશિયન નેવીનાં ૨ હેલિકોપ્ટર હવામાં ટકરાયાં : ૧૦નાં મોત

## મલેશિયન નેવી પરેડ માટે રિહર્સલ થઈ રહ્યું હતું : આકાશમાં બંને હેલિકોપ્ટર ક્રેશ થયા

મલેશિયા,

આજે મલેશિયન નેવીના ૨ હેલિકોપ્ટર આકાશમાં ટકરાયા હતા. અકસ્માતમાં ૧૦ના મોત થયા છે. મલેશિયન નેવીએ જણાવ્યું કે રોયલ મલેશિયન નેવી પરેડના રિહર્સલ દરમિયાન આ અકસ્માત થયો હતો.આજે સવારે ૯.૩૦ વાગ્યે પેરાકમાં લુમુટ નેવલ બેઝ પર આ અકસ્માત થયો હતો. તમામ મૃતદેહોને લુમુત આર્મી બેઝની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની ઓળખ કરવામાં આવશે.

હેલિકોપ્ટરની ટક્કરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. મલેશિયન ફ્રી પ્રેસના રિપોર્ટ અનુસાર, નેવીની ૯૦મી એનિવર્સરી પરેડ માટે રિહર્સલ ચાલી રહ્યું હતું.

# અનામતને ધર્મના નામે વિભાજિત થવા દેવામાં આવશે નહીં : મોદી

## લોકોને વિભાજિત કરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા, રાજસ્થાનમાં મોદીએ જાહેર સભાને સંબોધી

ટોંક-સવાઈમાધોપુર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનમાં ટોંક-સવાઈમાધોપુરના ઉનિયારામાં ભાજપના ઉમેદવાર સુખબીર સિંહ જૌનાપુરિયાના સમર્થનમાં જાહેર સભાને સંબોધી છે. વડાપ્રધાન મોદીએ સભામાં સંબોધન કરતા કહ્યું કે રાજસ્થાનના લોકોને વિભાજિત કરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. રાજસ્થાને આ બાબતે સાવચેત રહેવાની જરૂર છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે ૨૦૧૪ પછી પણ કોંગ્રેસ હોત તો આપણી સેના પર પથ્થરમારો થતો હોત, સરહદ પારથી દુશ્મનો આવતા હોત, અને આપણા જવાનોના માથા કાપીને લઈ જાત હોત અને કોંગ્રેસ સરકારે કંઈ કર્યું ન હોત.

વર્ષ ૨૦૦૪માં કોંગ્રેસે સૌપ્રથમ આંધ્રપ્રદેશમાં એસસી-એસટીનું અનામત ઘટાડીને મુસ્લિમોને અનામત આપવાનો પ્રયાસ કર્યો હતો. આ એક પાયલોટ પ્રોજેક્ટ હતો. બાદમાં તેને સમગ્ર દેશમાં લાગુ કરવાની યોજના હતી, પરંતુ યોજનાઓ સફળ થઈ શકી ન હતી. આ પછી, ૨૦૧૧માં તેને દેશમાં ફરીથી લાગુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. પરંતુ અમે તે થવા દીધું નથી. શું કોંગ્રેસ હવે દેશની જનતાને વચન આપશે કે તે અનામતને મુસ્લિમોમાં વહેંચશે નહીં.

# અનંત-રાધિકાનાં લગ્ન લંડનમાં તેમના સ્ટોક પાર્ક એસ્ટેટમાં થશે

## સ્ટોક પાર્ક એસ્ટેટમાં ૩ દિવસ ચાલશે ઉજવણી

મુંબઈ,

મુકેશ અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી જુલાઈમાં તેમની પ્રેમિકા રાધિકા મર્ચન્ટ સાથે લગ્ન કરવા જઈ રહ્યા છે. લગ્ન પહેલા, અનંત અને રાધિકાએ માર્ચમાં એક ભવ્ય પ્રી-વેડિંગ ફંક્શન કર્યું હતું. યુગલના પ્રિ-વેડિંગમાં હોલીવુડ, બોલિવૂડ અને બિઝનેસ જગતની ઘણી જાણીતી હસ્તીઓએ હાજરી આપી હતી. હવે મળતી માહિતી મુજબ અનંત-રાધિકાના લગ્નની ઉજવણી પ્રી-વેડિંગ સેલિબ્રેશન કરતાં પણ વધુ ભવ્ય અને ધમાકેદાર બનવા જઈ રહી છે. જાણવા મળ્યું છે કે અનંત-રાધિકાના લગ્નનું ફંક્શન જુલાઈમાં લંડનમાં તેમના સ્ટોક પાર્ક એસ્ટેટમાં યોજાવા જઈ રહ્યું છે.સમારોહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. નીતા અંબાણી પોતે દરેક બાબત પર ખાસ ધ્યાન આપી રહ્યા છે.

# તાઈવાનમાં ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ : ૬ કલાકમાં ૮૦ ઝટકા

## ચીન-જાપાન અને ફિલિપાઈન્સમાં પણ ધરતી ધ્રુજી




તાઈવાન,

તાઈવાનમાં ફરીથી ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. તાઈવાનમાં સોમવાર સાંજે ૫ વાગ્યાથી ૧૨ વાગ્યા દરમિયાન ૮૦થી વધુ વખત ભૂકંપના ઝટકા અનુભવાયા હતા જેમાં સૌથી વધુ તીવ્રતા ૬.૩ અને ૬ નોંધવામાં આવી છે. ભારતીય સમય અનુસાર, આ બન્ને ઝટકા રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ કેટલીક મિનિટના સમયમાં આવ્યા હતા. તાઈવાનમાં ત્યારે રાતના ૨.૨૬ અને ૨.૩૨ વાગ્યા હતા.

ભૂકંપનું કેન્દ્ર પૂર્વ કાઉન્ટી હુલિએનમાં ૫.૫ કિલોમીટર નીચે હતું. ભૂકંપને કારણ હુલિએનમાં બે બિલ્ડિંગને નુકસાન થયું છે જેમાં એક બિલ્ડિંગ પડી ગઈ હતી તો બીજી રોડ તરફ આડી થઈ ગઈ હતી. જાપાન, ચીન અને ફિલિપાઈન્સમાં પણ સામાન્ય ઝટકા અનુભવાયા હતા. જોકે, કોઈ નુકસાનના સમાચાર નથી.

# કાલથી ફરી આકરી ગરમીનો રાઉન્ડ શરૂ



અમદાવાદ,

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભેજવાળા પવનોનાં કારણે કાળઝાળ ગરમીમાં રાહત રહી હતી. જો કે હવે કાલથી ફરી સર્વત્ર ગરમીમાં ક્રમશઃ વધારો થશે. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આવતી તા.૩૦ સુધી ગરમી વધશે અને ક્રમશઃ ૪૦થી ૪૪ ડિગ્રી સુધી તાપમાનનો પારો પહોંચી જશે.

ગઈકાલે પણ રાજયમાં ગરમીમાં આંશિક રાહત રહેવા પામી હતી. ગઈકાલે અમદાવાદમાં ૩૯, અમરેલીમાં ૩૯, વડોદરામાં ૩૭.૮, ભાવનગરમાં ૩૮.૨, ભૂજમાં ૩૭.૬, છોટા ઉદેપુરમાં ૩૬.૯, ડિસામાં ૩૭.૮, દિવમાં ૩૫.૬ અને દ્વારકા ખાતે ૩૦.૬, ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

# રાજૌરીમાં ટાર્ગેટ કિલિંગ : આતંકીઓએ સરકારી કર્મચારીની ગોળી મારી હત્યા કરી

## એક મહિનામાં ટાર્ગેટ કિલીંગની ત્રીજી ઘટના બની

રાજૌરી,

જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં આતંકીઓએ ફરી એકવાર ટાર્ગેટ કિલિંગને અંજામ આપ્યો છે. આતંકવાદીઓએ સોમવારે એક સ્થાનિક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરી હતી. પીડિતાની ઓળખ કુંડા ટોપે શાહદરા શરીફના રહેવાસી મોહમ્મદ રઝાક તરીકે થઈ છે.

૪૦ વર્ષીય રઝાક સમાજ કલ્યાણ વિભાગમાં કામ કરતો હતો. તેનો ભાઈ સેનામાં સૈનિક છે. આતંકીઓએ મોહમ્મદ રઝાકના ઘર પર ગોળીબાર કર્યો હતો. આ દરમિયાન રઝાકને ગોળી વાગી હતી. હુમલામાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં તેનું મૃત્યુ થયું. પોલીસે આરોપીને પકડવા માટે સમગ્ર વિસ્તારને સીલ કરી દીધો છે. પોલીસ અને સેનાની સંયુક્ત ટીમે હુમલાખોરોને પકડવા માટે વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

# વેંકૈયા નાયડુ સહિત ૩ને પદ્મ વિભૂષણ

## ડો. તેજસ પટેલ, મિથુન ચક્રવર્તી સહિત ૧૭ને પદ્મ ભૂષણ : ૧૧૦ને પદ્મશ્રી મળ્યા



નવીદિલ્હી,

રાષ્ટ્રપતિ ભવન ખાતે સોમવારે સાંજે પદ્મ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા. આ સન્માનોની જાહેરાત ૨૫ જાન્યુઆરીએ કરવામાં આવી હતી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પહેલા પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, બિંદેશ્વર પાઠક (મરણોત્તર) અને પદ્મ સુબ્રહ્મણ્યમને પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા. બિંદેશ્વર પાઠકનાં પત્ની અમોલા પાઠકે એવોર્ડ મેળવ્યો હતો.આ પછી ગુજરાતના જાણીતા તબીબ ડો. તેજસ પટેલ, અભિનેતા મિથુન ચક્રવર્તી, ગાયક ઉષા ઉથુપ અને સીતારામ જિંદાલ સહિત કેટલાક લોકોને પદ્મ ભૂષણ આપવામાં આવ્યો હતો. આ સિવાય મનોહર કૃષ્ણ ડોલે અને રામચેત ચૌધરી સહિતની કેટલીક હસ્તીઓને પદ્મશ્રી આપવામાં આવ્યો હતો.આ વખતે ૨૦૨૪ માટે ૫ લોકોને પદ્મ વિભૂષણ, ૧૭ લોકોને પદ્મ ભૂષણ અને ૧૧૦ લોકોને પદ્મ શ્રીથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આજના સમારોહમાં આમાંથી કેટલીક હસ્તીઓનું સન્માન થઈ શક્યું નથી, તેમનું આગામી સપ્તાહે સન્માન કરવામાં આવશે.૨૦૨૪ માટે પદ્મશ્રી એવોર્ડ એવા લોકોને આપવામાં આવી રહ્યો છે, જેઓ અત્યારસુધી અનામી હતા. આમાં દેશની પ્રથમ મહિલા મહાવત પાર્વતી બરુઆ અને જગેશ્વર યાદવનાં નામનો સમાવેશ થાય છે, બંને આસામનાં રહેવાસી છે. આ સિવાય લિસ્ટમાં ચાર્મી મુર્મુ, સોમન્ના, સર્વેશ્વર, સંગમ સહિત ઘણાં મોટાં નામ છે. પદ્મ પુરસ્કાર વિજેતાઓમાં ૩૦ મહિલા છે. આમાં વિદેશી/NRI/PIO/OCI શ્રેણીના ૮ લોકો પણ છે. ૯ સેલિબ્રિટી છે જેમને મરણોત્તર એવોર્ડ આપવામાં આવી રહ્યા છે. પદ્મ ભૂષણ મળવા પર એક્ટર મિથુન ચક્રવર્તીએ કહ્યું, 'હું ખૂબ જ ખુશ છું. મેં મારા જીવનમાં ક્યારેય કોઈ પાસેથી મારા માટે કંઈ માગ્યું નથી. જ્યારે મને ફોન આવ્યો કે તમને પદ્મ ભૂષણ આપવામાં આવી રહ્યો છે, ત્યારે હું એક મિનિટ માટે મૌન બની ગયો, કારણ કે મને તેની અપેક્ષા નહોતી.

# લોકસભા ચૂંટણી : ૮ મહિલા ઉમેદવારોના નામે ૪.૮૮ કરોડનું ૭૪૪ તોલા સોનું

## મુખ્ય પક્ષોના ૫૨ ઉમેદવારો પાસે કુલ ૩૩૨૯ તોલા સોનું

અમદાવાદ,

લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાં ફોર્મ ભરાઇ ગયા છે. ભાજપ અને કોંગ્રેસ-આપ દ્વારા ૨૬ બેઠકો પર ફોર્મ ભરાઈ ગયા છે. ભાજપ-કોંગ્રેસે ૫૨માંથી માત્ર ૮ મહિલાઓને જ ટિકિટ આપી છે. આ મહિલા ઉમેદવારોની એફિડેવિટમાંથી કેટલીક રસપ્રદ વિગતો બહાર આવી છે. આ ૮ મહિલા ઉમેદવારો પાસે પોતાના નામે ૭૪૪ તોલા સોનું છે જેની કુલ કિંમત ૪.૮૮ કરોડ આંકવામાં આવી છે. બીજી તરફ, ૪૪ પુરુષ ઉમેદવારોની પત્નીઓના નામે ૧૯૬૫ તોલા (૧૯૬૫૧ ગ્રામ) સોનું છે જેનું મૂલ્ય અંદાજે ૧૩.૬૨ કરોડ છે.

આ ૪૪ પુરુષ ઉમેદવારોના પોતાના નામે ૪.૨૧ કરોડનું ૬૨૦ તોલા સોનું, છે. આ આંકડા પ્રમાણે, ૫૨ ઉમેદવારોના પોતાના નામે અને સાથીદારના નામે મળીને કુલ સોનું ૩૩૨૯ તોલા થાય છે જેની કિંમત ૨૨.૭૧ કરોડ છે. ભાજપનાં મહિલા ઉમેદવારમાં માડમ પાસે સૌથી વધારે ૫૫૦ તોલા, કોંગ્રેસમાં જેની ઠુમ્મર પાસે ૫૦ તોલા સોનું છે.

કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલનાં પત્ની પાસે ૨૦૦ તોલા સોનું અમદાવાદ પૂર્વના કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલની પત્ની પાસે ૨૦૦ તોલા સોનું છે જેની કિંમત ૧.૨૮ કરોડ રૂપિયા થાય છે. જૂનાગઢના કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઈ જોટવાની પત્નીના નામે ૨૧૦ તોલા સોનું છે જેની કિંમત તેમણે રૂપિયા ૧.૨૭ કરોડ દર્શાવી છે. નવસારીના ભાજપના ઉમેદવાર સી.આર.પાટિલના પત્નીના નામે ૧૨૦ તોલા સોનું છે જેનું મૂલ્ય રૂ. ૭૯ લાખથી વધુ છે.

# પૂર્વ IAS પ્રદીપ શર્માની જામીન અરજી પર ગુજરાત સરકારને નોટિસ

## સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને નોટિસ પાઠવી ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો



અમદાવાદ,

સુપ્રીમ કોર્ટે ૨૨ એપ્રિલે સોમવારે પૈસા માટે સરકારી જમીનની કથિત ગેરકાયદેસર ફાળવણીના કેસમાં નિવૃત્ત IAS અધિકારી પ્રદીપ શર્માની જામીન અરજી પર ગુજરાત સરકારનો જવાબ માંગ્યો હતો. પ્રદીપ શર્મા પર કચ્છ જિલ્લાના કલેક્ટર તરીકેના કાર્યકાળ દરમિયાન ગેરકાયદેસર રીતે સરકારી જમીન ફાળવવાનો આરોપ છે. જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જવલ ભુઈયાની બેન્ચે ગુજરાત સરકારને નોટિસ પાઠવી ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

પ્રદીપ શર્મા વતી વરિષ્ઠ વકીલ દેવદત્ત કામતે દલીલો રજૂ કરી હતી. તેમણે કહ્યું કે હું રાજ્યના સામાન્ય માણસના દૃષ્ટિકોણથી આ મામલે રાહત માંગી રહ્યો છું. તેના પર કોર્ટે કહ્યું- ઠીક છે, અમે નોટિસ જાહેર કરી રહ્યા છીએ. પ્રદીપ શર્માએ ૨૦ માર્ચના ગુજરાત હાઈકોર્ટના જામીન અરજી ફગાવી દેવાના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.


# વાઘોડિયા બેઠક પર મધુ શ્રીવાસ્તવે પોતાનું ફોર્મ પરત ખેંચ્યું : કોંગ્રેસને ટેકો જાહેર કર્યો



વડોદરા,

વડોદરાની વાઘોડિયા વિધાનસભા બેઠક પર મોટા ઉલટફેર જોવા મળ્યો હતો, અપક્ષ ઉમેદવારી કરવાળા નેતા મધુ શ્રીવાસ્તવે પોતાનું ફોર્મ પરત ખેંચ્યું છે. મધુ શ્રીવાસ્તવના દીકરી નીલમે પણ પોતાનું ઉમેદવારી પરત ખેંચી લીધું છે. મધુ શ્રીવાસ્તવ કોંગ્રેસને ટેકો જાહેર કર્યો છે. મધુ શ્રીવાસ્તવ પહલે થઈ પોતાની વાણી ના લીધે વિવાદોમાં રહ્યા છે, હવે જોવાનું રહ્યું કે મધુ શ્રીવાસ્તવ ના ટેકા ના કારણે કોંગ્રેસને કેટલો ફાયદો થાય છે કે પછી વધુ નુકસાન ભોગવવું પડે છે, અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે ગત વિધાનસભાની ચૂંટણીમાં મધુ શ્રીવાસ્તવે અપક્ષ ઉમેદવારી કરી હતી અને તેમની પર જનતાને વિશ્વાસ ના બેસતા મધુ શ્રીવાસ્તવે ડિપોઝીટ પણ ગુમાવી હતી.

# અમદાવાદમાં એસિડ ફેંકનારને ફટકારવામાં આવી આજીવન કેદ



અમદાવાદ

અમદાવાદમાં એસિડ ફેંકનારને આજીવન કેદ ફટકારવામાં આવી છે. મહિલા સહિત ત્રણ લોકો પર તેણે એસિડ ફેંક્યુ હતુ. માધુપુરામાં મકાનને લઈને થયેલી બબાલનો કિસ્સો એસિડ એટેકમાં પરિવર્તીત થયો હતો. આના પગલે એસિડ વેચનાર સામે પણ કાર્યવાહીનો આદેશ આપવામાં આવ્યો છે.

અમદાવાદની સેશન્સ કોર્ટે એસિડ ફેંકનાર સામે આકરી કાર્યવાહી કરીને સંદેશ આપ્યો છે કે આ પ્રકારનો ગુનો આચરનારને જરા પણ હળવાશથી નહીં લેવામાં આવે. આ પ્રકારના ગુનેગારોને સમાજમાં કોઈ સ્થાન નથી. કોઈપણ પ્રકારનો હુમલો કે કાયદાકીય નિયમોના ભંગની કાર્યવાહી ચલાવી નહી લેવાય.

# વકફ ટ્રિબ્યુનલમાં ગુનાહિત ઈતિહાસવાળા સભ્યની નિમણૂંક સામે હાઈકોર્ટે ઉઠાવ્યાં સવાલ

## સરકાર પાસે માંગ્યો જવાબ : નિમણૂંક સામે ત્રણ અરજદારો દ્વારા PIL દાખલ કરવામાં આવી હતી

અમદાવાદ

ગુનાહિત ઈતિહાસ ધરાવતા વકફ ટ્રિબ્યુનલના ત્રીજા સભ્યની નિમણૂંકને પડકારતી જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરતા ગુજરાત હાઈકોર્ટે અનવર હુસૈન શેખની નિમણૂંક અંગે રાજ્ય પાસે જવાબ માંગ્યો છે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ પી માઈની ડિવિઝન બેન્ચે રાજ્ય સરકાર અને અનવર હુસૈન શેખને પદ પરથી હટાવવા માટે કરવામાં આવેલી દલીલોનો જવાબ આપવા માટે નિર્દેશ આપ્યો હતો.

આ વર્ષની શરૂઆતમાં અનવર હુસૈન શેખને ઈસ્લામિક કાયદા અને ન્યાયશાસ્ત્રમાં તેમની કુશળતા માટે વક્ફ ટ્રિબ્યુનલના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જો કે, આ નિમણૂંક સામે ત્રણ અરજદારો દ્વારા PIL દાખલ કરવામાં આવી હતી. PIL દાખલ કરનારાઓએ પોતે ઉછઉીક્ષના મુતવલ્લી/ટ્રસ્ટી હોવાનો દાવો કર્યો હતો.

# ગાંધીનગરના ચિલોડા પાસેથી દારૂના જથ્થા સાથે ૨૨ લાખનો મુદ્દામાલ કબજે

ગાંધીનગર,

સ્ટેટ મોનિટરીંગ સેલ (એસએમસી) ના અધિકારીઓએ અમદાવાદ હિંમતનગર હાઈવે પરના ચિલોડા નજીકથી ટ્રકમાંથી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે દારૂ, રોકડ રકમ, મોબાઈલ અને ટ્રક મળીને કુલ રૂ. ૨૨,૦૪,૫૬૦ નો મુદ્દામાલ કબજે કરીને હરિયાણાના બે શખ્સોની ધરપકડ કરી હતી. જ્યારે ચાર ફરાર આરોપીની શોધ હાથ ધરી છે. તપાસમાં દારૂનો આ જથ્થો વોટ્સએપ દ્વારા મંગાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું.

એસએમસીના અધિકારીઓ માહિતીને આધારે અમદાવાદ હિંમતનગર હાઈવે પરના ધાનપ પાટીયા બ્રિજ પાસેથી દારૂ લઈને જતો ટ્રક અટકાવ્યો હતો. જેમાંથી પોલીસને રૂ, ૧,૮૩,૧૬૦ ની કિંમતનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ ઉપરાંત રોકડ રકમ, બે મોબાઈલ અને ટ્રક મળીને કુલ રૂ. ૨૨,૦૪,૫૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# સાબરમતી સેન્ટ્રલ જેલ સંકુલમાં કોન્સ્ટેબલથી લઈને DySP કક્ષાના કર્મચારીઓને ટ્રેનિંગ મળે તેવી વ્યવસ્થા ઊભી કરાશે

અમદાવાદ,

અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલ સંકુલમાં ૪૫ એકરમાં અત્યાધુનિક ટ્રેનિંગ સેન્ટર બનવા જઈ રહ્યું છે. જેમાં કોન્સ્ટેબલથી લઈને DySP કક્ષાના કર્મચારીઓને ટ્રેનિંગ મળે તેવી વ્યવસ્થા ઊભી કરાશે. ૩૪ જેટલી સુવિધાઓથી સભર આ ટ્રેનિંગ એકેડમીમાં સ્પોર્ટ્સની તમામ એક્ટિવિટી ઓલિમ્પિકની કક્ષાની રહેશે. સાથોસાથ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ તથા પરેડ ગ્રાઉન્ડ પણ ઓલિમ્પિક લેવલના બનાવવામાં આવશે.

ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્રિઝન્સ એન્ડ કરેક્શનલ એડમિનિસ્ટ્રેશન – GIPCA તરીકે ઓળખાય છે. ગૃહ વિભાગના અલગ અલગ પ્રભાગો જેવા કે પોલીસ પ્રભાગ, જેલ પ્રભાગ અને હોમગાર્ડસ સહિતના બીજા યુનિફોર્મ પોલીસ ફોર્સના અધિકારીઓ અને કર્મચારીઓ રિફ્રેશર ટ્રેનિંગ કોર્સથી લઈને નવા તાલીમ લેનારાને બેઝિક ટ્રેનિંગ આ સેન્ટરમાં મળી રહે તે હેતુથી ટ્રેનિંગ એકેડમી આગામી બે વર્ષમાં શરૂ કરવામાં આવશે. આ ટ્રેનિંગ સેન્ટરનું બાંધકામથી લઈને ટ્રેનિંગના સંસાધનો નેશનલ લેવલના હોય તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે. GIPCAમાં ટ્રેનિંગ સેન્ટર બાંધકામની કામગીરી બે ફેઝમાં કરવામાં આવશે. હાલ પ્રથમ ફેઝ માટે રાજ્ય સરકારના ગૃહ વિભાગમાંથી રૂપિયા ૧૩૮ કરોડ ફાળવવામાં આવ્યા છે. ૪૫ એકરમાં બનવા જઈ રહેલા આ ટ્રેનિંગ સેન્ટરમાં મહિલા અને પુરુષ તાલીમાર્થીઓ માટે રહેવા માટેના રૂમ પણ અત્યાધુનિક બનાવવાના છે. દરેક રૂમમાં એસી, ફ્રીઝ તથા ટીવીની સુવિધા પણ રહેશે.

સાબરમતી સેન્ટ્રલ જેલ સંકુલમાં બનવા જઈ રહેલી ટ્રેનિંગ એકેડમી નેશનલ લેવલની ટ્રેનિંગ એકેડમીનું રૂપ ધારણ કરી લેશે.


# સુરતમાં ટેક્સટાઈલ માર્કેટમાં તસ્કરોએ રૂા. ૧૧ લાખની ચોરીને અંજામ આપ્યો

સુરત,

રિંગ રોડની સુરત ટેક્સટાઈલ માર્કેટમાં પાંચમાં માળે ઓડિટોરીયમ હોલમાં સાઈ ડ્રેસ નામની દુકાનમાં શુક્રવારે મોડીરાત્રે બે તસ્કરોએ ૩ કલાક અને ૩૩ મિનિટમાં ૧૧ લાખની રોકડ અને મોબાઈલની ચોરી કરી સ્પાઈડરમેનની જેમ ફાયરની પાઈપથી ઉતરી ફરાર થયા હતા.આખી ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, સિક્યુરિટી ગાર્ડની હાજરી વચ્ચે ચોરીને અંજામ આપ્યો હતો.સલાબતપુરા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથધરી છે. રિંગરોડ મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટના ગેટ પાસે ટેમ્પોમાંથી ૭૮ હજારની સાડી ચોરાઈ હતી. વરાછા ખોડીયાર નગરમાં રહેતા મુકેશ ભલાણી કેના ફેશનના નામે સાડી પર જોબવર્ક કરવાના વ્યવસાય કરે છે. તા.૮મી માર્ચના રોજ તેમણે જોબવર્ક કરેલી સાડીઓના પાર્સલની ડિલીવરી કરવા માટે તેમનો ટેમ્પો માર્કેટમાં મોકલ્યો હતો. ડ્રાઈવર રાજુ પાટીલ ટેમ્પોમાં છ પાર્સલ ભરીને માર્કેટમાં આવ્યો હતો.જ્યારે મુકેશ પોતાના બાઈક પર ત્યાં આવ્યો હતો અને ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

# સલમાનના ઘર પાસેના ફાયરિંગમાં વપરાયેલી પિસ્તોલ તાપીમાંથી મળી

## બંને આરોપીએ બ્રિજ પરથી ચાલતા જઈ હથિયાર ફેંક્યાં છતાં RPF અજાણ !



મુંબઈ,

મુંબઈમાં બોલિવુડ સ્ટાર સલમાન ખાનના ઘરની બહાર થયેલા ફાયરિંગ પ્રકરણમાં મુંબઈ ક્રાઈમ બ્રાંચના એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ ઓફિસર દયા નાયક પોતાની ટીમ સાથે બંને હુમલાખોરોને લઈને સોમવારે સવારે સુરત આવી પહોંચ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. ઉત્રાણ રેલવે બ્રિજ પરથી ફાયરિંગ કરનારા આરોપીઓએ તાપી નદીમાં બંને હથિયાર ફેંકી દીધાં હતાં.

આ હથિયારો શોધવા માટે મુંબઈના ૬ તરવૈયા, ઉત્રાણના ૮ તરવૈયા ઉપરાંત ૨ સ્પેશિયલ બોટ લઈને તાપી નદીમાં હથિયારની શોધખોળ શરૂ કરી હતી, જેમાં એક હથિયાર મળી આવ્યું હતું, જ્યારે મંગળવારે ફરી તાપી નદીમાં મુંબઈ ક્રાઈમ બ્રાંચ સ્થાનિક અને મુંબઈથી આવેલા તરવૈયાઓને પાણીમાં ઉતારીને બીજી પિસ્તોલ શોધવાનો પ્રયાસ કરશે. ઉત્રાણ રેલવે બ્રિજ પર આરોપીઓ ચાલતા ચાલતા જતા હોવા છતાં તો આરપીએફની નજર કેમ ન પડી તે એક મોટો પ્રશ્ન છે. જવાનોના પેટ્રોલિંગ સામે પણ પ્રશ્નાર્થ ઊભો થયો છે.

# પાટણમાં ત્રણ વ્યક્તિઓ ડૂબ્યા એક મહિલાને બચાવી લેવાઈ

પાટણ,

પાટણમાં ત્રણ વ્યક્તિઓ તળાવમાં ડૂબ્યા છે. પાટણમાં મણંદ નજીક તળાવમાં ત્રણ વ્યક્તિઓ ડૂબી ગયા છે. તેમા એક મહિલા અને બે પુરુષ તળાવમાં ડૂબ્યા છે. ફાયર બ્રિગેડની ટીમે મહિલાને તો બચાવી લીધી છે, પરંતુ એક પુરુષની શોધખોળ જારી છે. એક પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. હવે આ ત્રણ જનારા એક જ કુટુંબના છે કે આત્મહત્યાનો મામલો છે અથવા અકસ્માત છે તેની તપાસ કરવામાં આવી રહી છે.

ઘટનાના સમાચાર મળવાના પગલે સ્થાનિક પોલીસ દોડી આવી હતી. તેણે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે અને મહિલાને સારવાર માટે મોકલી આપી છે. પોલીસનું કહેવું છે કે તેણે ઘટનાસ્થળની સાથે તેમના સગાસંબંધીઓની સુધ લઈ તથા મૃતકોના મોબાઈલ ફોનના આધારે તેમની વિગતો મેળવીને તેમને જાણ કરી છે.

# કરોડોની લોન લઈ ઠગાઈ આચરી ફરાર થયેલો આરોપી ઝડપાયો

## લોન વાંચ્છુક ગ્રાહકો ઉભા કરી ખોટા તૈયાર કરેલ રીપોર્ટ આધારે કંપની સાથે ઉચાપત કરતા ફરિયાદ નોંધાઈ હતી

વડોદરા

વડોદરા શહેર ક્રાઈમબ્રાન્ચે લોન વાંચ્છુક ગ્રાહકો ઉભા કરી ખોટા તૈયાર કરેલ રીપોર્ટ આધારે કરોડો રૂપીયાની લોન લઈ ફાયનાન્સ કંપની સાથે ઠગાઈ કરવાના ગુનામાં સંડોવાયેલ અને બે વર્ષથી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડ્યો છે.

આ આરોપી કમલેશ ગુપ્તા સામે ગોત્રી પો.સ્ટે.માં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ આ આરોપીઓએ ભેગા મળી ૩૪ થી વધારે લોન વાંચ્છુક ગ્રાહકો ઉભા કરી તેઓને પર્સનલ લોન અપાવવાનું કહી તેઓના ડોક્યુમેન્ટ મેળવી જે આધારે હોમ લોન માટે પ્રોસેસ કરી એડીશનલ વર્ક કોન્ટ્રાક્ટના ખોટા રીપોર્ટ બનાવી અલકાપુરી ખાતેની ચોલામંડલમ્ ફાયનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની લી.ની ઓફીસમાં સાચા તરીકે ઉપયોગ કરી ફરીયાદી કંપની પાસેથી રૂપિયા ૭,૭૦,૬૬૮૦૦ની માતબર રકમની લોન લઈ ફરિયાદી કંપની સાથે ગુનાહીત કાવત્રુ રચી ફરિયાદી કંપની સાથે ઉચાપત કરતા ફરિયાદ નોંધાઈ હતી. આ આરોપી બે વર્ષથી ફરાર હતો જેનું નામ કમલેશ રાજકુમાર ગુપ્તા (ઉ.વ. ૩૩ રહે.સવાદ કવાટર્સ હરણી રોડ વડોદરા)ને ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# અમદાવાદમાં યોજાયો ઐતિહાસિક જૈન દીક્ષાનો મહામહોત્સવ

## ૩૫ મુમુક્ષુઓએ સંસારી વેશ ત્યજીને નિષ્પાપ જીવનના પંથે કર્યું પ્રયાણ



અમદાવાદ તા. ૨૨

અમદાવાદ શહેરના પાંચસો વર્ષના ઈતિહાસમાં પહેલી વખત એક જ મંડપ હેઠળ ૩૫ જૈન દીક્ષાનો મહોત્સવ દીક્ષાના મહાનાયક પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના પવિત્ર હાથે સંપન્ન થયો હતો. સાબરમતી રિવર ફ્રન્ટ ઉપર આશરે ત્રણ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં નિર્માણ કરવામાં આવેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં વહેલી સવારે ૫.૩૦ કલાકે દીક્ષાની મંગળ વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે ૩૦,૦૦૦ની ક્ષમતા ધરાવતો મુખ્ય મંડપ હકડેઠઠ ભરાઈ ગયો હતો.

૧૫ આચાર્ય ભગવંતો તેમ જ આશરે ૪૦૦ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોની છત્રછાયામાં સવારે ૭.૩૫ કલાકે ૩૫ મુમુક્ષુઓને સાધુજીવનના પ્રતિક સમાન ઓઘો અર્પણ કરવાની વિધિ શરૂ કરવામાં આવી હતી. ૨૫ મિનિટમાં પૂજ્ય આચાર્ય ભગવંતોના હસ્તે ૩૫ મુમુક્ષુઓને ઓઘો અર્પણ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૫ ભાઈઓ હતા અને ૨૦ બહેનો હતાં. દીક્ષાર્થીઓના હાથમાં ઓઘો આવ્યા પછી તેમણે પરમાત્માને વંદન કર્યા હતા અને ત્રણ પ્રદક્ષિણા દઈને મન મૂકીને આનંદ વ્યક્ત કર્યો હતો.

ઓઘો અર્પણ થયા પછી મુમુક્ષુઓ તેમના જીવનનું અંતિમ સ્નાન કરવા અને સાધુ-સાધ્વીજી વેશ અંગિકાર કરવા ગયા હતા. ટૂંક સમયમાં તેઓ સંસારી વાઘાં ઊતારીને સાધુજીવનનાં શુભ્ર-શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને સ્ટેજ પર આવ્યા તે પછી શુભ મૂહુર્તે લોચની વિધિ કરવામાં આવી હતી અને ૩૫ મુમુક્ષુઓનાં સંસારી નામો રદ કરીને સાધુજીવનનાં નૂતન નામો આપવામાં આવ્યાં હતાં.

# દંતાલી કેનાલ પાસે વાગદત્તા સાથે ફોટો શૂટ કરતા મંગેતરને લૂંટી લેવાયો

## ૨ લૂંટારું છરી બતાવી ૭.૪૦ લાખની માલમત્તા લઈ ગયા

અમદાવાદ

નર્મદા કેનાલ ઉપર એકલ દોકલ બેઠેલા કપલને લુંટી લેવામાં આવતા હતા. અગાઉ આ પ્રકારના અનેક બનાવ સામે આવ્યા છે. ત્યારે વધુ એક બનાવ દંતાલી કેનાલ પાસે બન્યો છે. નર્મદા કેનાલ આવતા ફોટો શુટ કરવા ઉભો રહ્યો હતો. જ્યારે કપલ ઉભુ હતુ. તે સમયે એક બાઈક ઉપર બે લુંટારા આવ્યા હતા અને છરી બતાવી ૭.૪૦ લાખની માલમત્તાની લુંટ કરી ફરાર થઇ ગયા હતા. આ બનાવને લઇ અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

સુજલ મનસુખભાઇ દેવાણી (રહે, બોપલ, અમદાવાદ) કન્ટ્રક્ટશન કંપની ધરાવે છે. ત્યારે બે મહિના પહેલા યુવકની અંકલેશ્વરમાં રહેતી યુવતી સાથે સગાઇ થઇ છે. યુવક તેની વાગદત્તા સાથે કીયા કારમાં ફરવા નિકળ્યો હતો. જ્યારે અદાણી શાંતિગ્રામ થઇને કેનાલ ઉપર રેલવે બ્રીજ પાસેથી આવતા કેનાલની પાળ ઉપર બેસીને વાતચીત કર્યા પછી ફોટોશુટ કરી રહ્યા હતા. બિલકુલ તે સમય દરમિયાન એક બાઈક ઉપર બે લુંટારા પહોંચ્યા હતા અને કપલને કહેલા લાગ્યા હતા કે, ક્યા રહો છો ? જેથી યુવકે પ્રતિકાર કરતા તારે શુ કામ છે કહેતા બાઈક ઉપર પાછળ બેઠેલો લુંટારૂ નજીક આવ્યો હતો અને છરી બતાવી હતી. છરી કાઢી યુવકે ગળામાં પહેરેલી ચેઇન, હાલમાં પહેરેલુ સોનાનુ કડા ઉપર નજીક કરતા આપી દે કહ્યુ હતુ. જેથી યુવકે મોતની બીકમાં તમામ વસ્તુ આપી દીધી હતી.

# જનરલ નિરીક્ષક ડો. વીણા માધવને રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓ અને નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજી

### ઓબ્ઝર્વર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. કે. મહેતાએ નોડલ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યુ



ભાવનગર,તા.૨૩

ભાવનગર લોકસભા બેઠકનાં જનરલ નિરીક્ષક ડો. વીણા માધવનની અધ્યક્ષતામાં સોમવારે રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓ અને નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. કે. મહેતા દ્વારા રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓને ચૂંટણી અંતર્ગત સિંગલ વિન્ડો સિસ્ટમ, મીડિયા સર્ટિફિકેશન, વાહનોની પરમિશન ગરમી ધ્યાને લેતા અન્ય જરુરી વ્યવસ્થાઓ, વરિષ્ઠ નાગરિકોને ઘરબેઠા મતદાન માટેની વ્યવસ્થા અને મતદાર યાદી અંગે જરૂરી માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ઓબ્ઝર્વર અને કલેક્ટરએ નોડલ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી જી. એચ. સોલંકી, પોલીસ અધીક્ષક ડો. હર્ષદ પટેલ નિવાસી અધિક કલેક્ટર એન. ડી. ગોવાણી, અધિક કલેક્ટર ડી.એન. સતાણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરૂ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આર. એન. ચૌધરી તેમજ રાજકીય પક્ષના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# RTOથી શાસ્ત્રીનગરના રસ્તા પર વધુ એક મહિનો ડાયવર્ઝન

### શાસ્ત્રીનગર ઘંટીવાળા ચોકથી વિશ્વકર્મા સર્કલ તરફ જવાનું રહેશે

ભાવનગર,તા.૨૩

શહેરમાં ભાવનગર-રાજકોટ હાઈવે પર દેસાઈનગર પેટ્રોલ પંપથી આર.ટી.ઓ. સુધી ઓવરબ્રીજ બનાવવાનું કામ શરૂ છે. જેમાં RTO સર્કલથી શાસ્ત્રીનગર તરફ ઓવરબ્રીજનું કામ શરૂ થયુ હોવાથી તમામ વાહનો આર.ટી.ઓ. સર્કલથી શાસ્ત્રીનગરથી પસાર થાય છે. જે રસ્તો સાંકડો હોવાના કારણેટ્રાફીકની સમસ્યા ઉદભવેછેતેમજ આ રસ્તા પર બે સ્કુલો તથા એક પ્લે હાઉસ હોવાના કારણે અકસ્માત થવાની સંભાવના છે.

જેથી શાસ્ત્રીનગર સોસાયટી રોડ પર અકસ્માત ન થાય તેમજ ટ્રાફિક નિયમન જળવાય રહે તે માટે ભાવનગર શહેરનો આર.ટી.ઓ. સર્કલથી શાસ્ત્રીનગર તરફ જતો રસ્તો તા. ૨૨ એપ્રિલથી ૨૨ મે સુધી, ૩૧ દિવસ સુધી ભારે વાહનોની અવર-જવર માટે સંપૂર્ણપણે બંધ કરવા તેમજ ડાયવર્ઝન રૂટ પરથી વાહનો પસાર કરવા ભાવનગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ મુજબ શિક્ષા થશે. જેમાં પ્રતિબંધિત રસ્તો આર.ટી.ઓ.થી શાસ્ત્રીનગર તરફ જતા રસ્તા/રૂટ પર તેમજ ભારે વાહનોએ નીચેના ડાયવર્ઝન રૂટ પર પસાર થવુ પડશે.જ્યારે ડાયવર્ઝન રૂટ ગઢેચીથી કુંભારવાડા તરફ જતા રસ્તે SR મોટર્સની સામે આવેલ નાળા પરથી શાસ્ત્રીનગર ઘંટીવાળા ચોકથી વિશ્વકર્મા સર્કલ તરફ જવાનું રહેશે.

# મતદાન કામગીરીમાં રોકાયેલા કર્મીને બીજા દિવસે સવેતન રજા મળશે

### કર્મી.ઓ ચૂંટણીના બીજા દિવસે ન આવે તો પણ હાજરી ગણાશે ગણાશે

ભાવનગર,તા.૨૩

ગુજરાત રાજ્યમાં લોકસભાની ચૂંટણી અને વિધાનસભાની પેટા ચૂંટણી માટે તારીખ ૭ મેને મંગળવારે મતદાન થવાનું છે. સામાન્ય રીતે મતદાનના દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પૂરું થયા બાદ રીસીવિંગ સેન્ટર ઉપર મોડી રાત્રે અથવા તો જો અંતર વધુ હોય તો બીજે દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોંપવા માટે પહોંચતા હોય છે. આથી ચૂંટણી સ્ટાફના તેઓના ફરજ પરના પ્રમાણમાં લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખી તેઓને મતદાનના બીજા દિવસે તેમની કચેરીમાં હાજરી આપવાની જરૂર નથી અને તેઓને ફરજ પર હાજર એટલે કે ઓન ડ્યુટી ગણવાના રહે છે તેમ ગુજરાત રાજ્યના સંયુક્ત મુખ્ય ચૂંટણી અધિકારીએ તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને જણાવ્યું છે.

ભારતીય ચૂંટણી પંચના પત્ર મુજબ મતદાનના બીજા દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ જો તેઓની મૂળ કચેરીએ હાજર ન રહી શકે તો આ દિવસને ફરજ પરની હાજરી ગણવાની રહેશે. તેઓને તેમની મૂળ કચેરીએ હાજર રહેવાનું રહેશે નહીં તેમ જ જ્યાં પુનઃ મતદાનના કિસ્સામાં પણ જો મતદાનના બીજા દિવસે ચાલુ દિવસ હોય તો તેવા કિસ્સામાં તેઓને ફરજ પર એટલે કે ઓન ડ્યુટી ગણવાના રહે છે.

આથી મતદાનનો બીજો દિવસ એટલે કે તારીખ ૮ મેને બુધવારના રોજ અને જ્યાં પુનઃ મતદાન યોજાય તેવા કિસ્સામાં મતદાનના બીજા દિવસે ચાલુ દિવસ હોય તેવા કિસ્સામાં અને જ્યાં રિસીવિંગ સેન્ટર પર મોડી રાત્રે અથવા બીજા દિવસે સવારે પહોંચવાના હોય તેવા કિસ્સોમાં આ સૂચનાઓ લાગુ પડશે આથી યોગ્ય કરવા તાકીદ કરવામાં આવી છે.

# શહેરના સોની વેપારીઓને સાયબર ક્રાઈમ અંગે સચેત કરતી પોલીસ

### શેરડીપીઠ ડેલા સુવર્ણકાર એસોસિએશનના સભ્યોને ઈન્ટરનેટ સિક્યુરિટી તથા સાયબર જાગૃતિ વિશે માહિતી આપવા યોજાયો સેમિનાર



ભાવનગર,તા.૨૩

સાયબર ક્રાઈમના ગુન્હા અટકાવવા જાહેર જનતાને સાયબર ક્રાઈમથી જાગ્રુત કરવા ભાવનગર જીલ્લા સાયબર સેલ ટીમ દ્વારા રંગોલી પાર્ક હોટેલ એન્ડ રીસોર્ટ વરતેજ ખાતે શેરડીપીઠ ડેલા સુવર્ણકાર એસોસિએશનના સભ્યો માટે "સાયબર જાગૃતિ" સેમિનારનુ આયોજન કરવામા આવેલ હતુ. જેમાં ભાવનગર જીલ્લા સાયબર ક્રાઈમ સેલ ટીમ દ્વારા ૧૫૦ જેટલા શેરડીપીઠ ડેલા સુવર્ણકાર એસોસિએશનના સભ્યોને "ઈન્ટરનેટ સિક્યુરિટી" તથા "સાયબર જાગૃતિ" વિશે માહિતી આપવામાં આવેલ.

આ સેમિનારમાં સાયબર એક્ષપર્ટ કેતનભાઇ દવે, દેવર્ષિ ઓજા, હરવિજયસિંહ ગોહીલ તથા સાયબર ક્રાઈમ સેલ ભાવનગર ટીમ દ્વારા આ સેમિનારમાં ભાગ લેનાર તમામ લોકોને ફેક એપ્લીકેશન ફ્રોડ, ઓનલાઈન શોપીંગ ફ્રોડ, લોટરી, ગીફ્ટ ફ્રોડ, ન્યુડ વિડીયો કોલ, સાયબર બુલીંગ વગેરે જેવા સાયબર ક્રાઈમ થી બચવાના ઉપાયો, તકેદારી, વિશેની જાણકારી આપી તથા Mobile Privacy, WhatsApp, Facebook/ Instagram Privacy ™u Google Account Privacy Sªtings વિષે તાદ્રશ્ય માહિતી પૂરી પાડવામાંઆવી હતી.

# અકસ્માતમાં મૃતકોના પરિવારને મોરારિબાપુ દ્વાર સહાયતા

### રૂ.૧ લાખ ૬૫ હજારની સહાયતા રાશિ મોકલવામાં આવી

ભાવનગર,તા.૨૩

સૌરાષ્ટ્રમાં તેમજ રાજસ્થાન ખાતે અકસ્માતમાં મૃત્યુ પામેલાઓને પૂ.મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને રૂ.૧ લાખ ૬૫ હજારની સહાયતા રાશિ મોકલવામાં આવેલ છે.

દ્વારકા ખાતેથી નીકળી યાત્રાળુ માંગુકિયા પરિવાર સુરત જઈ રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો અને તેમાં સવાર બે બહેનોના કરૂણ મોત નિપજયા હતા. પૂ.બાપુએ આ બંને બહેનોને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને રૂ.૩૦ હજારની સહાયતા રાશિ અર્પણ કરેલ છે. નવસારી સ્થિત રામકથાના શ્રોતા પ્રજ્ઞેશ પટેલ દ્વારા રાશિ પહોંચાડવામાં આવશે. તેમજ સડક દુર્ઘટના રાજસ્થાનના ઝાલાવાડ વિસ્તારમાં બની હતી. મધ્યપ્રદેશમાં એક લગ્ન સમારંભમાં હાજરી આપી પરત ફરી રહેલા પરિવારની કારને બસ સાથે અકસ્માત થતાં ૯ લોકોનાં મોત નિપજયા હતાં. નાથદ્વારા સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા આ ઘટનામાં માર્યા ગયેલાઓને હનુમંત સંવેદના રૂપે રૂ.૧,૩૫,૦૦૦ ની સહાયતા રાશિ પહોંચાડવામાં આવશે.

પૂ.બાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

# વાડીની બહાર ભેંસ લઈ જવાનું કહેતા વૃદ્ધ પર શખ્સોનો હુમલો

ભાવનગર, તા.૨૩

મહુવા તાલુકાના સરાર ગામમાં રહેતા એક વૃદ્ધ પર ગામમાં જ રહેતા બે શખ્સે કુહાડી તેમજ ખરપીયાથી હુમલો કર્યાની ફરિયાદ નોંધાવતા આ બનાવ અંગે ખુંટવડા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. મહુવા તાલુકાના સરાર ગામે રહેતા જમાલભાઇ અલીભાઇ કુરેશીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે કરીમ દોલુભાઇ કુરેશી અને મહોબત દોલુભાઇ કુરેશીએ ગઇકાલે ફરિયાદીની વાડીમાં આરોપીની ભેંસ ચરવા માટે આવતાં ફરિયાદીએ બુમ પાડી બન્ને આરોપીને તમારી ભેંસ વાડી બહાર લઇ જવાનું કહ્યું હતું એટલે આરોપીઓ ઉશેકેરાઇ ગયા હતા.

આરોપી કરીમ કુહાડી લઇને આવ્યો હતો અને મહોબત ખરપીયો લઇને આવ્યો હતો. બન્ને શખ્સે ફરિયાદી પર હુમલો કરતાં ફરિયાદીને પગના ભાગે તેમજ વાસામાં ઇંજા પહોંચી હતી ત્યારબાદ જતા જતા બન્ને આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.આ બનાવ અંગે ખુંટવડા પોલીસે બન્ને આરોપી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બે રોજમદાર ડ્રાઈવરને કાયમી કરવા મહુવા નગરપાલિકાને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટનો આદેશ

ભાવનગર, તા.૨૩

મહુવા નગરપાલિકામાં છેલ્લા ૨૭ અને ૨૯ વર્ષથી નોકરી કરી રહેલા બે રોજમદાર ડ્રાઈવરને કાયમી તરીકે નિમણૂંક આપવામાં આવતી ન હોય બન્ને અરજદારે મહુવા નગરપાલિકા સામે ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં દાદ માગતા ન્યાયાધીશે બન્ને ડ્રાઈવરને કાયમી કરવાનો આદેશ કરી વર્ષ ૨૦૧૮થી આજદીન સુધીની એરિયર્સની રકમ ચૂકવી આપવાનો આદેશ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે, મહુવા નગરપાલિકામાં લાલજીભાઇ જેઠાભાઇ બાંભણીયા વર્ષ ૧૯૯૫થી અને અતુલભાઇ ભીલ વર્ષ ૧૯૯૭થી મહુવા નગરપાલિકામાં રોજમદાર ડ્રાઈવર તરીકે જોડાયા હતા. આમ, છેલ્લા ૨૯ અને ૨૭ વર્ષથી ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા બન્ને કર્મચારીઓને પાલિકાએ કાયમી તરીકે નિમણૂંક આપી ન હતી. જ્યારે અન્ય કેટલાક રોજમદારોને પાલિકાએ કાયમી તરીકે નોકરીમાં સમાવીષ્ટ કર્યા હતા.આમ, પાલિકા દ્વારા અન્યાય કરવામાં આવતો હોય બન્ને ડ્રાઈવરે યુનિયન મારફતે ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં દાદ માગતા એડવોકેટ વી.જે.પમનાણીએ રજૂઆત કરી હતી કે, બન્ને કર્મચારીને ઈન્ટરવ્યુ બાદ નોકરી પર રાખવામાં આવ્યા હતા. બન્ને કમર્ચારી કાયમી કર્મચારી જેવુ જ કામ કરી રહ્યાં છે તેમ છતાં તેમને લાભોથી વંચિત રાખવામાં આવ્યાં છે. પાલિકા અનફેર લેબર પ્રક્ટીસ આચરી રહી છે અને બંધારણના આર્ટીકલ ૧૪ અને ૧૬ના ‘ સમાનતાના સિદ્ધાંત ’નો પણ ભંગ કરી રહી છે અને કર્મચારીઓનું આર્થિક શોષણ કરી રહી છે.

ન્યાયાધીશે બન્ને પક્ષની દલીલ તેમજ પુરાવને ધ્યાનમાં રાખી બન્ને અરજદારની પક્ષમાં ચૂકાદો આપ્યો હતો અને આદેશ કર્યો હતો કે, ૩૦ દિવસમાં બન્ને કર્મચારીને ડ્રાઈવર અથવા તો તેની સમકક્ષ જગ્યા પર કાયમી કર્મચારી તરીકે નિમણૂંક આપવી. ન્યાયાધીશે તા.૧૭ નવેમ્બર ૨૦૧૮થી આજદીન સુધી એરિયર્સની રકમ ચૂકવવાનો પણ મહુવા પાલિકાને આદેશ કર્યો હતો.

# સેમ.૬નાડિપ્લોમાંપરીક્ષાના ફોર્મ આજથી ભરી શકાશે

ભાવનગર, તા.૨૩

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની મે ૨૦૨૪ છઠ્ઠા તબક્કાની તમામ ડિપ્લોમાં કોર્સિસ સેમેસ્ટર ૧થી૬ પરીક્ષાના આવેદનપત્રો તા.૨૩-૪ થી તા.૨૯-૪ સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે.વધુમા તા.૩૦-૪-૨૪ સુધીમાં ફોર્મ વેલીડ,અનવેલીડ કરી શકાશે. પરીક્ષાના આવેદનપત્રો લેઇટ ફી સાથે તા.૧-૫-૨૪ થી તા.૩-૫-૨૪ સુધી ઓનલાઇન લેઇટ ફી સાથે ફોર્મ ભરી શકાશે.આ ડિપ્લોમાં કોર્સીસ (રેગ્યુલર) પરીક્ષાઓમાં સેમેસ્ટર ૨,૪ અને ૬ની પરીક્ષા તા.૯-૫-૨૪ થી શરૂ થશે જે સ્થાનિક તેમજ બહારગામના સેન્ટર પર લેવાશે તેમજ ડિપ્લોમાં કોર્સીસ (રિપીટર) ની પરીક્ષાઓમાં સેમેસ્ટર ૧,૩અને ૫ની પરીક્ષા તા.૧૫-૫-૨૪થી શરૂ થશે જે સ્થાનિક કક્ષાએ લેવાશે.

# સોની સીટીઝન કોન્ફરન્સ યોજાઇ

ભાવનગર,તા.૨૩

શ્રીમાળી સોનિ સિનિયર સિટીજન પરિવારના તમામ સભ્યોની કોન્ફરન્સ શ્રીજી ગાર્ડન રેસ્ટોરન્ટમાં યોજાઇ હતી. એમસીએક્સ કંપનીના પી.આર.ઓ. શીતલબેન એ વિસ્તૃત માહિતી આપી હતી. સંચાલન કંપનીના હર્ષદભાઇ એ કરેલ હતું. સૌનું સ્વાગત પરિવારના પ્રમુખ પ્રવિણભાઇ ગુજરાતીએ કરેલ. આભારવિધિ ગંભીરભાઇ ધાંગધ્રિયાએ કરેલ, જયારે સમગ્ર સંચાલન પ્રોજેકટ ચેરમેન રમેશ પી. ધાંગધ્રિયાએ કરેલ હતું.

# ભાવનગરની અમુલ્ય - સાંસ્કૃતિક ધરોહર બાર્ટન લાઈબ્રેરીના નવનિર્માણ માટે યોજાયો અહેસાસ

### સ્પર્શ ફાઉન્ડેશન અને ઈન્ટેક દ્વારા બ્યુટીફાઈ બાર્ટન પ્રોજેકટ અંતર્ગત મ્યુઝીકલ ઈવેન્ટને મળી અભૂતપૂર્વ સફળતા









### પ્રથમવાર પેપરલેસ ઈવેન્ટ

પર્યાવરણની જાગૃતિ માટે આ સમગ્ર ઈવેન્ટ પેપરલેસ બનાવવામાં આવી હતી. ભાવનગરમાં પ્રથમવાર આ પ્રકારે ઈવેન્ટ આયોજનમાં ટિકીટ કે નિમંત્રણ સોફ્ટ કોપી સ્વરૂપે સોશિયલ મિડીયા અને ઈ-મેલના માધ્યમથી લોકોને મોકલવામાં આવ્યા હતા. આ રીતે એક પણ ટિકીટ પ્રિન્ટ કર્યા વગર સમગ્ર આયોજન પાર પાડવામાં આવ્યું હતું.







ભાવનગર,તા.૨૩

સ્થાપત્યના અતૈહાસિક નમુના રૂપ અને અલભ્ય પૂસ્તકો સહિતના સાંસ્કૃતિક વારસાની ધરોહર સમી બાર્ટન લાઈબ્રેરી સમયના માર સાથે હવે નવનિર્માણ માંગે છે. હેરીટેઝ બિલ્ડીંગને તેનું મુળ તત્વ જાળવી રાખી અડીખમ ઉભી રાખવી અને સુવિધામાં વધારો કરવો તે એક મોટી અને સમગ્ર ભાવનગરને સહભાગી બનાવી અમલમાં મુકી શકાય તેવી યોજના છે. આ કામ સ્પર્શ ફાઉન્ડેશન અને ઈન્ટેકએ હાથ ધરી છે. વર્ષ દરમિયાન નાના મોટા કાર્યક્રમોના આયોજન ઉપરાંત શુક્રવારે રાત્રે બ્યુટીફાઈ બાર્ટન પ્રોજેક્ટ અંતર્ગત ફંડ રેઈઝીંગ માટે અહેસાસ-મ્યુઝીક નાઈટનો કાર્યક્રમ આયોજીત કરાયો હતો. ભાવનગરના લોકોએ કાર્યક્રમને માણ્યો એટલું જ નહી પરંતુ પ્રોજેકટને પણ વધાવી લીધો હતો.

ઈન્ટેક અને સ્પર્શ ફાઉન્ડેશનના બ્રિજેશ્વરી દેવી તથા હર્ષા રામૈયાએ જણાવ્યું હતું કે, બ્યુટીફાઈ બાર્ટન પ્રોજેક્ટ આપણા વારસાને જીવંત રાખવાના પ્રયાસ અંતર્ગત અહેસાસ કાર્યક્રમ તળે હાર્દિક દવે અને તેમની ટીમ દ્વારા ગુજરાતી ભક્તિ ગીતો, લોક સંગીત, ગઝલ, સંતવાણીની પ્રસ્તુતિ તથા નેહલ ગઢવીના શબ્દોના સથવારે શનિવારે મેઘાણી ઓડીટોરીયમ ખાતે અનોખો કાર્યક્રમ લોકો વધાવી લીધો. કાર્યક્રમને સફળ બનાવવામાં લીલા વર્લ્ડવાઇડ, તંબોલી કાસ્ટીંગ લિ., સીલ્વર બેલ્સ, તનીષ્ક, મેસર્સ રણછોડભાઈ જીણાભાઈ ધોળકિયા, નીરવ અક્ષય ઓઝા પરિવાર, શ્રીજી ગાર્ડન રેસ્ટોરન્ટ તથા પિડીલાઈટનો સહયોગ મળ્યો હતો. ડિઝીટલ પાર્ટનર તરીકે રનર એપ, આઉટ ડોર પાર્ટનર પ્રોવેલ પબ્લિસીટી, તથા મેનેજમેન્ટ પાર્ટનર - સ્મોલ વન્ડર્સની ટીમ આ કાર્યક્રમમાં સહયોગી થઈ હતી. અંતમાં તેમણે ઉમેર્યું હતું કે, આ હજુ શરૂઆત છે અને બાર્ટન લાઈબ્રેરીને નવસર્જન આપવાના પ્રયાસોમાં સૌનો સહયોગ જરૂરી છે.

આ કાર્યક્રમમાં મહારાણી સમયુક્તાદેવી, પિડીલાઈટ પરિવારના મૃદુલાબેન પારેખ, લીલા ગૃપના વિશાલભાઈ સોની, અમરજ્યોતીબા, માઈક્રોસાઈનના નિશિથભાઈ મહેતા, તનિષ્કના મુકેશભાઈ જાધવાણી, ધોળકીયા પરિવાર, મહાપાલિકા કમિશ્નર ઉપાધ્યાય સહિતના મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ૯૦૦થી વધુ લોકોએ આ કાર્યક્રમ માણ્યો અને બ્યુટીફાઈ બાર્ટનના પ્રોજેકટને વધાવી લીધો તે આ કાર્યક્રમની ફળશ્રુતી કહી શકાય.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## સુરતના બનાવટી હીરાનો ઝળહળાટ

સુરતના લેબ્રોન નામે ઓળખાતા બનાવટી હીરાનો ઝળહળાટ વધતો જાય છે વિશ્વના ૧૬ દેશોમાંથી સુરતના કૃત્રિમ હીરા ખરીદવા માટે ગ્રાહકો ની ભીડ જામી હતી સુરતના અત્યંત આધુનિક ડાયમંડ બુર્સ ખાતે એક સેમીનાર યોજાયો હતો. જેમાં સુરત ડાયમંડ બોરસના ચેરમેન અને સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા તથા વાઇસ ચેરમેન લાલજીભાઈ પટેલ સહિતના સુરતના ટોપ લેવલના ૧૫ લેબ્રોન ડાયમંડ ગ્રોવર્સ લુઝ એલજીડી કટ એન્ડ પોલીસ સપ્લાયર્સ તેમજ લેબ્રોન્ડ ડાયમંડ જ્વેલરી ઉત્પાદકોએ ભાગ લીધો હતો આ હીરા તથા તેની જ્વેલરી ખરીદવા માટે અમેરિકા બ્રિટન લેબનોન રસિયા ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાંથી ૪૩ ઇન્ટરનેશનલ બાયર્સ આવ્યા હતા આમ સુરતનું નામ બનાવટી હીરાના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની અંદર અગ્રસ્થાને આવી જાય તેવી શક્યતાઓ વધતી જાય છે આ માટે સુરતમાં જી જે ઈ પી સી સંસ્થા અગ્ર ભૂમિકા ભજવે છે આના કારણે સુરત બનાવટી હીરાના ઉત્પાદનનું મોટું કેન્દ્ર બની જશે આ ઉપરાંત ડાયમંડ ટ્રેડિંગ ડેસ્ટિનેશન પણ સુરત બની જશે જેથી સુરતથી બનાવટી હીરાની સીધી વિકાસ થઈ શકશે.

સુરતથી નિકાસ વધારવા માટે દક્ષિણ ગુજરાત ચેમ્બરનું મિશન- ૮૪ હેઠળ ભારે પ્રયાસો થઈ રહ્યા છે. વિયેટનામ ખાતે નિકાસ વધારવા માટે દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સે પાંચ સંગઠનો સાથે સમજૂતી કરાર કર્યા છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે વિયેતનામ ખાતે એસજીસીસીઆઈ ગ્લોબલ. કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત કરાર કર્યા છે.મુંબઈના ભારત ડાયમંડ બુર્સ ખાતે સુરત ડાયમંડ બુર્સની નવી મેનેજમેન્ટ કમિટીમી મળેલી બેઠકમાં ૩૦૦થી વધુ વેપારીઓ સુરત ડાયમંડ બુર્સમાં ઓફિસો શરૂ કરવા ઉત્સુક છે અને ૩૦૦ વેપારીઓ ૭મી જુલાઈએ એસડીબીમાં ઓફિસ શરૂ કરશે તેમ એસડીબીના વાઈસ ચેરમેન લાલજી પટેલે કહ્યું હતું. સુરત ડાયમંડ બુર્સની નવી મેનેજમેન્ટ કમિટીની મુંબઈ ખાતે ભારત ડાયમંડ બુર્સમાં કમિટીના સભ્યોની બેઠક મળી હતી. જેમાં એક હજારથી વધુ વેપારી હાજર રહ્યાં હતા. તેમાં લેબ્રોન ડાયમંડની પણ ચર્ચા થઈ હતી.દુનિયાભરમાં કટ અને પોલિશ્ડ હીરા માટે જાણીતું સુરત ધીમે પગલે લેબગ્રોન ડાયમંડનું પણ હબ બની રહ્યું છે. સુરતમાં જીજેઈપીસીએ લેબગ્રોન ડાયમંડ માટે બાયર્સ-સેલર્સ મીટ યોજી હતી. જેમાં બે દિવસમાં અમેરિકા સહિતના ૧૬ દેશોના ખરીદદારો લેબગ્રોન હીરા ખરીદવા માટે આવ્યા હતા. વિશ્વના ૯૦ ટકાથી વધારે હીરા સુરતમાં કટીંગ અને પોલિશિંગ થાય છે. હવે લેબગ્રોન ડાયમંડ ગ્રોવિંગ(એલજીડી) અને તેની જવેલરીનુ પણ હબ બનશે. એના સંકેતો મળી રહ્યા છે. માત્ર થોડા જ વર્ષોમાં એલજીડીના નિકાસમાં લગભગ ૪૦૦ ટકાની વૃદ્ધિ થઈ છે.સુરતમાં નેચરલ ડાયમંડનુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર છે એનો લાભ મળશે.

કેન્દ્રીય બજેટમાં પણ સરકારે લેબગ્રોન ડાયમંડને વિકસતા ક્ષેત્રે તરીકે નોંધ લીધી છે. અને બેઝિક કાચા માલ ગણાતા સીડસ પર ઈમ્પોર્ટ ડ્યૂટી ઘટાડીને શૂન્ય કરી છે. એલજીડી પર રિસર્ચ માટે પણ મોટી જાહેરાતો કરવામાં આવી છે.

# સહાનુભૂતિની સંવેદના

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

**બારેક વર્ષની એક માનસિક વિકલાંગ દીકરીને મળવાં જોઈએ તેવાં પ્રેમ, કરુણા, સહાનુભૂતિ, કદર અને સહકાર નથી મળતાં ત્યારે ગામની બજારના ઓટલે પોતે લાચાર બનીને બેસી રહે છે ગામના માસ્તર દરરોજ તેની સામે હાથ ઊંચો કરીને મોં મલકાવી તેને રાજી રાખે છે**

બારેક હજારની વસ્તીવાળા ગામમાં અઢારે આલમની વસ્તી છે .ગામમાં મોટાભાગે ખેડૂત વસાહતીઓ છે. થોડાં ઘણાં વ્યવસાયિકોનાં ખોરડાં ખરાં. વળી, ગામના શિક્ષકો અને ગામના તલાટી પણ અહીં રહેણાંક કરીને રહેતા હતા.. ગામમાં એક ખોરડું મંદિરના પૂજારીનું પણ હતું. પૂજારીની એક દીકરી, જેની ઉંમર બારેક વર્ષની હશે પણ એને થોડી માનસિક વિકલાંગતા હતી. એટલે તે હરેફરે, ખાયપીવે, બહુ ઓછી વાતો કરે પણ મરક મરક હસ્યા કરે ખરી. પોતે ચાલવામાં તકલીફ અનુભવતી એટલે બંને પગે શરીરનું સંતુલન જાળવવા માટે કાખઘોડી રાખે.

ઘરેથી નીકળીને ગામની બજારે ઓટલે ચડીને પોતે બેસી રહેતી. બજારે થી પસાર થતું કોઈ એની સાથે વાતચીત નહોતું કરતું. બજારમાંથી જે કોઈ નીકળે એને પોતે તાકી તાકીને જોયા કરતી. લોકોના મનમાં એ અસ્થિર મગજની હોવાનો ખ્યાલ એટલે કોઈ એને બોલાવતું નહીં. આમ તો આ દીકરીનો કોઈ ઉપદ્રવ નહોતો. એ શાંતિથી જ્યાં બેઠી હોય ત્યાં બેસી રહેતી. તેની માનસિક વિકલાંગતાને કારણે એની અવગણના થતી હોય એવું લાગતું. એની સાથે વાતચીત કરવા કોઈ બેસે નહીં એને કોઈ બોલાવે નહીં. બધાં છોકરાંઓ શેરીમાં રમતાં હોય ત્યારે એ ઓટલે બેસીને જોયા કરતી. સાંજ પડે ત્યારે સૌ રમીને ઘર ભેળાં થાય ત્યારે પોતે પોતાની બંને કાખઘોડી વડે ધીમે ધીમે ઘર ભણી ચાલતી થતી.

પોતાના ઘરે પણ ખાવુંપીવું, બેસવુંઊઠવું, એમ પોતાનું બધું જ કામ જાતે જ કર્યા કરતી. એનાં મા-બાપને એના વિશેની કોઈ કામગીરીમાં સાથ આપવાની જરૂર રહેતી નહીં. પોતે ત્રણ ટાઈમ જમે. જાતે પથારી કરીને સૂઈ જાય. ઘરમાં કોઈ પણ પ્રકારનું કામ એને સોંપવામાં આવતું નહીં. એવી કોઈ તાલીમ પણ તેને આપવામાં આવતી નહીં. ઘરમાં પણ તેની સાથે વાતો કરવાની કોઈને ફુરસદ નહોતી. પોતે બધી રીતે સ્વસ્થ હતી. એને કોઈ બીજી શારીરિક બીમારી પણ નહીં. થોડી માનસિક અસમતુલા એટલે પોતાનું જીવતર એમનામ જીવ્યે જતી હતી. ગામમાં એ જ્યારે ઓટલે બેઠી હોય ત્યારે કોઈ એને બોલાવે નહીં એટલે એ પોતે પણ બિચારી લાચાર થઈને બધાંની સામે ટગર ટગર જોયા કરતી.



ગામની શાળાના આચાર્ય, જે એના ઘર પાસેથી પસાર થાય ત્યારે ઓટલે બેઠેલી આ દીકરીની સામે એ હસતું મોઢું રાખીને એની સામે હાથ ઊંચો કરે. આ દીકરી પણ ભાવપૂર્વક એ સાહેબની સામે હાથ ઊંચો કરે અને એનું મોઢું મલકાવે. આ સાહેબ સિવાય ગામમાં કોઈ એને આવી રીતે કદી બોલાવતું નહીં. આમ એકલવાયું બેસી રહેતી આ દીકરીની ઉંમરનાં છોકરાંઓ પણ એને રમવા ન બોલાવે. માનસિક વિકલાંગતાને કારણે એને અલાયદી રાખવાનો ઈરાદો ગામનાં છોકરાંવનો પણ રહેતો.

સાહેબને ઘરેથી સ્કૂલે જવાનો ટાઈમ થાય ત્યારે એ દીકરી સાહેબની ખડકી ભણી નજર રાખીને ઓટલે બેસી જતી. એને ઇન્તેઝારી રહેતી કે હમણાં મારી સામે હસતું મોં રાખશે અને હાથ ઊંચો કરશે. પોતાના કુટુંબ અને આખા ગામ પૈકી આ સાહેબ જ દિવસમાં ત્રણ વખત ત્યાંથી પસાર થાય ત્યારે એને આદર આપતા હતા. આ રીતનો નિત્યક્રમ જળવાઈ રહ્યો. સાહેબે વિચાર્યું કે એકાદ વખત ઊંચો હાથ ન કરું તો શું થાય ? ત્યારે દીકરીએ પોતે સામેથી સાહેબ સામે ઊંચો હાથ કર્યો અને મોં મુકાવ્યું. સાહેબ પણ રાજી થયા ને હાથ ઊંચો કરીને હસ્યા.

સાહેબ નિવૃત્ત થયા અને ત્યાંથી ગામને પાદર મકાન બનાવીને ત્યાં રહેવા ગયા. અહીં આ દીકરી બજારના ઓટલે બેસીને દરરોજ સાહેબની બંધ ખડકી સામે મોં ફેરવીને જોયા કરતી. એને તો મનમાં થયા કરતું કે હમણાં માનરી સામે હસીને હાથ ઊંચો કરશે. સાહેબ હમણાં નીકળશે એની રાહ જોયા કરતી આ દીકરી આશામાં ને આશામાં ત્યાં બેસી રહેતી. ન એ કોઈને પૂછી શકે કે ન કોઈ એને સામેથી કહેતું કે સાહેબ હવે અહીં રહેતા નથી. કારણ કે કોઈને ખબર નહોતી કે સાહેબ અને આ દીકરીને પરસ્પર કેવો માણસાઈભર્યો સદ્ભાવ હતો.

એક દિવસ સાંજે સાહેબ આ બજારેથી નીકળ્યા. તેમણે આ દીકરીને જોઈ. પોતાની કાખઘોડી લઈને એ ઊભી થતી સાહેબની સામે જઈને ઊભી રહી. માથું નમાવીને સાહેબને સલામ કરી પોતે મોં મુકાવ્યું. સાહેબે પણ મોં મુકાવ્યું ને તેના માથે વહાલસોયો વરદ્ હસ્ત રાખી દીધો. દીકરીને તો માનસિક વિકલાંગતા હતી એટલે એ તો વિશેષ કોઈ લાગણી પ્રગટ કરી શકી નહીં પણ સાહેબની આંખોમાંથી સંવેદનાનાં આંસુ ટપકી પડ્યાં.

કરુણાના સંસ્કાર બધા માણસોમાં એક સરખા હોતા નથી. કારણકે કોઈની લાચારી જોઈને દરેકનું હૈયું ભીંજાતું નથી હોતું. અહીં આ દીકરીની માનસિક વિકલાંગતા ખરી પણ માણસ તરીકે તેને મળવાં જોઈએ તેવાં પ્રેમ, કરુણા, સહાનુભૂતિ, કદર, સલામતી અને સહકાર કોણ આપે છે ? જે ઘરમાં પોતે ઋણાનુબંધે અવતરી છે, ત્યાંથી પણ આ બધું તેને ક્યાં મળે છે ? આવું બધું વિચારીને માસ્તર પોતાનાં આંસું ખાળી શક્યા નહીં.

# ગુજરાતનો ખેડૂત ગધેડીનું દૂધ ઓનલાઈન વેંચીને મહિને કમાય છે લાખો રૂપિયા!

## ૫,૦૦૦થી ૭,૦૦૦ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાય છે ગધેડીનું દૂધ

દૂધ ૫૦૦૦ રૂપિયા પ્રતિ લિટરના ભાવે વેચાય છે, તે પણ ઓનલાઈન !! સાંભળીને નવાઈ લાગશે પણ આજે ગધેડીનું દૂધ તેના અન્ય ગાય-ભેંસના દૂધ કરતા ૭૦ ગણા વધુ ભાવે વેચાઈ રહ્યું છે. અને આથી જ પાટણનો એક ખેડૂત ગધેડીનું દૂધ વેંચીને ઓનલાઈન વેંચીને મહિને લાખો રૂપિયાની કમાણી કરી રહ્યો છે.

ગુજરાતના પાટણ જિલ્લાના ખેડૂત ધીરેન સોલંકીએ ગામમાં ૪૨ ગધેડી સાથે ફાર્મ ખોલ્યું છે અને દક્ષિણના રાજ્યોમાં ગ્રાહકોને ગધેડીનું દૂધ સપ્લાય કરીને મહિને રૂ. ૨-૩ લાખની કમાણી કરી રહ્યો છે.આ વ્યવસાય શરૂ કરવા અંગે ધીરેન સોલંકીએ કહ્યું કે તે સરકારી નોકરી કરવા માંગતો હતો, પરંતુ સરકારી નોકરી ન મળી, તેના બદલે મને કેટલીક ખાનગી નોકરીઓ મળી. પણ પરિવારનું

કરંટ ટોપિક

ભરણ-પોષણ માંડ માંડ થતું હતું. આ સમય દરમિયાન ધીરેનને દક્ષિણ ભારતમાં ગધેડા ઉછેર વિશે જાણવા મળ્યું. તે કેટલાક લોકોને મળ્યો અને લગભગ ૮ મહિના પહેલા પોતાના જ ગામમાં આ ફાર્મ ખોલ્યું. તેણે ૨૨ લાખ રૂપિયાનું રોકાણ કરીને ૨૦ ગધેડા સાથે શરૂઆત કરી હતી.

ધીરેન સોલંકીએ કહ્યું કે શરૂઆતનો તબક્કો મુશ્કેલ હતો, ગુજરાતમાં ગધેડીના દૂધની કોઈ માંગ ન હતી અને શરૂઆતના પાંચ મહિનામાં કંઈ કમાણી થઈ ન હતી. આ પછી તેણે દક્ષિણ ભારતની કંપનીઓનો સંપર્ક કર્યો, જ્યાં ગધેડીના દૂધની માંગ છે. હવે ધીરેન સોલંકી કર્ણાટક અને કેરળમાં ગધેડીનું દૂધ સપ્લાય કરે છે. તેના ગ્રાહકોમાં કોસ્મેટિક કંપનીઓ છે જેઓ તેમના ઉત્પાદનોમાં ગધેડીનું દૂધ વાપરે છે.

ગધેડીના દૂધના ભાવ વિશે પૂછવામાં આવ્યું ધીરેન સોલંકીએ કહ્યું કે તે ૫,૦૦૦ થી ૭,૦૦૦ રૂપિયા પ્રતિ લીટરના ભાવે ગધેડીનું દૂધ વેચે છે. ૬૫ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાતા ગાયના દૂધ સાથે તેની સરખામણી કરી શકાય નહીં. ગધેડીના દૂધને હંમેશા તાજું રાખવા માટે તેને ફ્રીઝરમાં સ્ટોર કરી રાખવામાં આવે છે. ગધેડીના દૂધને સૂકવીને પાઉડર સ્વરૂપે પણ વેચવામાં આવે છે, જેની કિંમત આશરે રૂ. ૧ લાખ પ્રતિ કિલો છે.

ધીરેન સોલંકીના ફાર્મમાં હવે ૪૨ ગધેડી છે અને તેણે અત્યાર સુધીમાં લગભગ ૩૮ લાખ રૂપિયાનું રોકાણ કર્યું છે. તે કહે છે કે તેણે હજુ સુધી રાજ્ય સરકાર પાસેથી કોઈ મદદ લીધી નથી, પરંતુ તે ઈચ્છે છે કે સરકાર આ ક્ષેત્ર પર પણ ધ્યાન કેન્દ્રિત કરે.

પ્રાચીન કાળથી ગધેડીના દૂધનો ઉપયોગ કરવામાં આવે છે, કેટલાક દાવો કરે છે કે ઇજિપ્તની રાણી ક્લિયોપેટ્રા ગધેડીના દૂધથી સ્નાન કરતી હતી. ગ્રીક ચિકિત્સક હિપ્પોક્રેટ્સે, યકૃતની સમસ્યાઓ, નાકમાંથી રક્તૂાાવ, ઝેર, ચેપી રોગો અને તાવ માટે ગધેડીના દૂધથી સારવાર કરવાનું સૂચવ્યું હોવાનું માનવામાં આવે છે. ગધેડીના દૂધના ઘણા ફાયદા હોવા છતાં, આધુનિક યુગમાં ગધેડીના દૂધના વ્યાપમાં ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ હવે ફરી વૈજ્ઞાનિકોએ તેની ક્ષમતા શોધી કાઢી છે. પરંતુ તેની ઉપલબ્ધતા હજુ પણ મર્યાદિત છે અને ભાવ ખુબ ઊંચા છે.

# અત્યંત ભયાનક પ્રદુષણ એટલે નેનો પ્લાસ્ટિક

**માનવીના વાળની જાડાઈ કરતાં પણ ૪૭૦૦ ગણો સૂક્ષ્મ પ્લાસ્ટિકનો જે કણ છે તેને નેનો પ્લાસ્ટિક કહેવામાં આવે છે જ્યારે તમે પ્લાસ્ટિકની બોટલ માંથી શુદ્ધ ગંગાજળ જેવું પારદર્શક ઠંડુ પાણી પીવો છો ત્યારે તમારા પેટમાં ટાઢક થાય છે પરંતુ તે પહેલા નેનો પ્લાસ્ટિકના અઢી લાખ જેટલા નેનો પાર્ટીકલ્સ તમારી હોજરી માં પહોંચીને તમારા શરીરના આંતરિક અંગોને જે નુકસાન પહોંચાડે છે તે જેવું તેવું નથી !!**



અતિશય પારદર્શક બોટલ ની અંદર ભરેલું એકદમ સ્વચ્છ પાણી જાણે શુદ્ધ ગંગાજળ હોય તેવું લોકોને લાગે છે અને શરીર સીધું હિમાલયની ઠંડક આપતું આ પાણી લાખો લોકો પીવે છે. પરંતુ તેમને ખબર નથી કે પ્લાસ્ટિકની આ બોટલ ની અંદર લાખોને કરોડોની સંખ્યામાં પ્લાસ્ટિકના માઇક્રો કણ કે જેને નેનો પ્લાસ્ટિક કહેવામાં આવે છે તે પાણીમાં ભળેલા હોય છે જે આરોગ્યને ભયાનક રીતે નુકસાન પહોંચાડે છે આ વસ્તુ અત્યંત જોખમી હોવા છતાં આજે આપણે સૌ પારદર્શક પાણીની બોટલને પ્રેમથી શુદ્ધ ગંગાજળ માનીને પી રહ્યા છીએ રેલ્વેમાં પણ રેલ જલ નામે આવી બોટલો છૂટથી વેચવામાં આવે છે પણ આ કેટલું નુકસાન કરે છે તેની હકીકત આંખ ઉઘાડી નાખે તેવી છે.

એક લિટર પાણીની બોટલમાં કરોડો નેનો પ્લાસ્ટિકના નેનોકણ હોય છે.

કોલમ્બિયા યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ બે અઠવાડિયા પહેલાં સ્ટિમ્યુલેટેડ રામન સ્કેટરિંગ માઈક્રોસ્કોપી નામનું તદ્દન લેટેસ્ટ માઈક્રોસ્કોપ વાપરીને અમેરિકાની ત્રણ ખ્યાતનામ કંપનીઓની પાણીની બોટલોના પાણીની તપાસ કરી. પરિણામ ચોંકાવનારા હતા. કોઈ બોટલમાં નેનો પ્લાસ્ટિકના ૧.૧૦ લાખ કણ હતા તો કોઈ બોટલમાં ૩.૭૦ લાખ કણ હતા. પાણીની સૌથી સલામત ગણાતી બોટલો જેમાંથી બને છે તે પોલિથિલીન-ટેરેપ્થાલેટ જાતના પ્લાસ્ટિક સહિત ૭ જાતના પ્લાસ્ટિકના નેનો-કણ જોવા મળ્યા. અમેરિકામાં સલામતીના ધોરણો સૌથી કડકાઈથી પાળવામાં આવે છે. ત્યાંના પાણીની જો આ સ્થિતિ હોય તો બાકી દેશોના પાણીનું પૂછવું જ શું? આપ જ્યારે પ્લાસ્ટિકની બોટલ માંથી ઠંડુ પાણી પીવો છો ત્યારે તમને ખબર નથી કે એક લીટર પાણીની બોટલમાં નેનો પ્લાસ્ટિકના ઓછામાં ઓછા લાખ સૂક્ષ્મ કણો પણ તમારા પેટમાં ઉતરી જાય છે અને તે તમારા આરોગ્યને ભયંકર નુકસાન પહોંચાડે છે પાણીમાં

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

પ્લાસ્ટિકના આટલા બધા કણ આવ્યા ક્યાંથી? પ્લાસ્ટિકને લોકપ્રિય અને સલામત બનાવવા તેને ખૂબ ટકાઉ બનાવવામાં આવ્યું. છતાં જ્યાં ત્યાં વેરાયેલા પ્લાસ્ટિકને ગરમીના કારણે, અતિશય ઠંડીના કારણે સૂક્ષ્મ ઘસારો લાગે જ છે. પાણીની બોટલની જ વાત કરીએ તો પાણીની બોટલ જ્યારે તમારા હાથમાં દબાય છે તે કડડડડડ અવાજ કરે છે. ફરી મૂળ આકારમાં આવી જાય છે, પરંતુ કડડડડ અવાજ થાય ત્યારે વાળ કરતાં પચાસ હજારથી એક લાખ ગણા નાના નેનો-કણ તેમાંથી છૂટા પડીને પાણીમાં ભળી જાય છે. તમે બોટલનું ઢાંકણ જેટલી વખત ખોલો-બંધ કરો છો તેટલી વખત પ્લાસ્ટિક ઘસારો પામે છે અને તેના નેનો-કણ પાણીમાં ભળે છે. આપણા ઘરમાં વપરાતી પ્લાસ્ટિકની દરેક બોટલ, પેકેટ, ડબ્બા, કન્ટેનરમાં પણ આ ઘટના બનતી રહે છે. નેનો-કણ સર્જાતા રહે છે અને ડબ્બા, બોટલ, કન્ટેનરમાં સંઘરાયેલા ચા, કોફી, ખાંડ, મીઠા, કાળા મરી, મસાલા સહિત દરેક પદાર્થમાં તે ભળતા રહે છે. ઘરની બહાર પણ આવી રીતે બજાજ કરે છે

જ્યારે તમે ગરમ ગરમ ચા પેપર કપ માં રડો છો ત્યારે તેને જોડવા માટે જે પેરેફીન વેક્સના જે રસાયણો વપરાય છે તે ગરમ ચા ની અંદર ભળે છે અને તમારા પાચનતંત્રને તે ખરાબ કરે છે આવી રીતે કોઈ ઠંડા પીણા જ્યારે તમે પ્લાસ્ટિકના ગ્લાસમાં પીવો છો અને જ્યારે તે પ્લાસ્ટિકનો ગ્લાસ દબાય છે ત્યારે તેના ઘણું આ ઠંડા પીણમાં ભળે તમારા પેટમાં ઉતરી જાય છે અને આરોગ્યને નુકસાન કરે છે. પ્લાસ્ટિકની દરેક વસ્તુના માઈક્રો અને નેનો પ્લાસ્ટિક કણ બનતા રહે છે. હવા, માટી વગેરેમાં ભળતા રહે છે, આપણા શરીરમાં આવતા રહે છે. તે આપણને કેટલા માંદા પાડે છે અને તેનાથી શી રીતે બચી શકાય તેની વાત હવે પછીપ!

પ્લાસ્ટિક રાક્ષસનો જન્મ ૧૮૬૨માં થયો હતો દોઢસો વર્ષ પહેલાં ૧૮૬૨માં એલેક્ઝાન્ડર પાર્કસે પાર્કસાઈન નામના પ્લાસ્ટિકની શોધ કર હતી. ૧૯૦૭માં લિયો બેકેલાઈટે સદંતર રસાયણિક બેકેલાઈટ પ્લાસ્ટિકની શોધ કરી. પછીન વર્ષોમાં પોલિથિલીન, પોલિવિનાઈલ, પોલિસ્ટરીન, પોલિપ્રોપિલીન અને પોલિસ્ટિરીન જેવા પ્લાસ્ટિક શોધાયા. બીજા વિશ્વયુદ્ધ પછી મંદી અને અછતમાંથી વિકાસ કરવા પ્લાસ્ટિકનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં કરવાના સફળ અખતરા થતા રહ્યા. આપણા ફર્નિચર, વાસણો, પેકેજિંગ, વાહનો, કોસ્મેટિક્સ, બેગ્સ, ડિટરજન્ટ, રોગપ્રતિકારક પદાર્થો, સેનિટાઈઝર્સ, ટૂથપેસ્ટ, વેટવાઈપ્સ અને પાણીની બોટલો જેવા તમામ ક્ષેત્રોમાં પ્લાસ્ટિક વપરાવા લાગ્યું. દરેક ક્ષેત્રમાં ઉપયોગ થવા લાગ્યો તો પ્લાસ્ટિકના કચરાના પર્વતો સર્જાયા. પ્લાસ્ટિકનો કચરો ક્યાં ક્યાં પહોંચ્યો છે અને કેવા કેવા નુકસાન કરી રહ્યો છે તેની તપાસ કરવામાં આવી. તેમાં ખબર પડી કે આપણા ખોરાક અને પાણી સાથે સૂક્ષ્મ માઈક્રોપ્લાસ્ટિક દાણા, રેસા અને ટુકડા સ્વરૂપે દરરોજના લાખ્ખોની સંખ્યામાં શરીરમાં ઠલવાઈ રહ્યું છે.પાણીમાં જ નહીં હવા, માટી અને બરફમાં પણ માઈક્રો-નેનોપ્લાસ્ટિક !

પ્લાસ્ટિક આખા જગતની ધરતી, મહાસાગરો અને બરફ પર ફરી વળ્યું છે. દરેક પદાર્થ પર જાતજાતનો ઘસારો પડતો રહેવાથી તેના સૂક્ષ્મ કણ જ્યાં-ત્યાં વેરાતા રહે છે. આ હકીકત જાણતા વિજ્ઞાનીઓએ તર્ક કર્યો કે પ્લાસ્ટિકનો પણ ઘસારો તો થતો જ હશે. તાજેતરમાં જગતની બધી નદી, સરોવર, મહાસાગર, ધ્રુવપ્રદેશ રણ, માટી અને હવાનો અભ્યાસ કર્યો તો ખબર પડી કે હવા, માટી, પાણી અને બરફ બધે જ પ્લાસ્ટિકના માઈક્રો તથા માઈક્રો અને નેનો કણ ફરી વળ્યા છે. હવા, પાણી, ખોરાક વાટે તે રોજેરોજ લાખ્ખો કરોડોની સંખ્યામાં આપણા પાણી અને ભોજનમાં ભળીને શરીરમાં ઠલવાઈ રહ્યા છે. આમાંથી બચવાનો એકમાત્ર ઉપાય એ છે કે ઘરમાં માટલાનું પાણી પીવો. પ્લાસ્ટિકની બોટલને બદલે ત્રાંબાના પતરામાંથી બનેલી બોટલ વાપરો. માટીના બનેલા વાસણમાં પાણી ઠારો અને તે પીવો તેમાં થોડો સુગંધી વાળો અથવા તો તકમરીયા ઉમેરો વરિયાળી ઉમેરો અને આ પાણી પીવો ઉનાળાની અંદર તમારું આરોગ્ય સુધરશે, ગરમી નહિ લાગે, લુ નહીં લાગે. બાકી હવે પ્લાસ્ટિકની બોટલને રામરામ કરશો તો ૧૦૦ વર્ષ આરામથી વગર દવાએ જીવી શકશો તેમાં શંકા ને કોઈ સ્થાન નથી વહેલી સવારે તાંબાના લોટામાં રાખેલું પાણી પીવાથી તમે કોઈ દિવસ બીમાર નહીં પડો તેની ગેરંટી પ્રાચીન ભારતનું આરોગ્ય શાસ્ત્ર આપે છે જેને અનુસરવું હવે જરૂરી બની ગયું છે.

# ૧૭ વર્ષના ડી ગુકેશે રચ્યો ઈતિહાસ ચેસમાં ૪૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

નવીદિલ્હી,તા.૨૨

ભારતના ૧૭ વર્ષના ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશે કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચ્યો છે. તે વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ માટે સૌથી યુવા ચેલેન્જર બન્યો હતો. તેને ગેરી કાસ્પારોવનો ૪૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો.

ગુકેશે ૧૪મા અને છેલ્લા રાઉન્ડમાં અમેરિકાના હિકારુ નાકામુરા સાથે ડ્રો રમ્યો હતો. આ ટૂર્નામેન્ટમાં તેના ૧૪ માંથી ૯ પોઈન્ટ હતા જેથી તે વર્લ્ડ ચેમ્પિયનનો ચેલેન્જર નક્કી કરી શકે.તે વર્ષના અંતમાં



વર્તમાન વિશ્વ ચેમ્પિયન ચીનના ડીંગ લિરેનને પડકાર આપશે. ચેન્નાઈના રહેવાસી ગુકેશે કાસ્પારોવનો રેકોર્ડ પણ તોડ્યો હતો. કાસ્પારોવ ૧૯૮૪માં ૨૨ વર્ષનો હતો, જ્યારે તેને વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ માટે રશિયાના એનાટોલી કાર્પોવને પડકાર આપ્યો હતો.

ગુકેશનો જન્મ ૨૯ મે ૨૦૦૬ના રોજ ચેન્નાઈમાં થયો હતો. અંડર-૯ સ્તરે એશિયન સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપ જીત્યા બાદ તે ૨૦૧૫માં ચર્ચામાં આવ્યો હતો. ગુકેશે વર્ષ ૨૦૧૮માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ તેણે એશિયન યુથ ચેસ ચેમ્પિયનશિપમાં કુલ પાંચ ગોલ્ડ મેડલ જીત્યા હતા. ગુકેશ જાન્યુઆરી ૨૦૧૯માં ગ્રાન્ડમાસ્ટર બન્યો હતો. ત્યારે તેની ઉંમર ૧૨ વર્ષ ૭ મહિના અને ૧૭ દિવસની હતી.ગુકેશ ડી ચેસ ઈતિહાસમાં બીજા સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર છે. એમ્ચેસ રેપિડ ટુર્નામેન્ટમાં મેગ્નસ કાર્લસનને હરાવનાર તે સૌથી યુવા ખેલાડી છે. ગુકેશ ચેસ વર્લ્ડ કપ ૨૦૨૩ની ક્વાર્ટર ફાઈનલમાં પણ પહોંચ્યો હતો.

ગુકેશે વિજય બાદ કહ્યું, 'હું ખૂબ જ રાહત અનુભવી રહ્યો છું. હું ફેબિયાનો કારુઆના અને ઈયાન નેપામ્નિઆચી વચ્ચેની મેચ જોઈ રહ્યો હતો.

# રાજસ્થાને મુંબઈને ૯ વિકેટે હરાવ્યું

## જયસ્વાલે જબરદસ્ત સદી ફટકારી : રાજસ્થાન ક્વોલિફાય થવાથી માત્ર એક જીત દૂર

મુંબઈ

IPL-202૪માં રાજસ્થાન રોયલ્સે બીજી વખત સતત ત્રીજી જીત હાંસલ કરી છે. ટીમે સિઝનની ૩૮મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૯ વિકેટે હરાવ્યું હતું. ૧૭મી સિઝનમાં રાજસ્થાનની આ ૭મી જીત હતી, આ સાથે રોયલ્સ ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગઈ છે. બીજી તરફ મુંબઈ પાંચમી મેચ હારી ગયું હતું.

સોમવારે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં મુંબઈએ ટૉસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ટીમે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા. રાજસ્થાને ૧૮૦ રનનો ટાર્ગેટ ૧૮.૪ ઓવરમાં એક વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો હતો. ઈઈના ઓપનર યશસ્વી જયસ્વાલે



૬૦ બોલમાં અણનમ ૧૦૪ રનની સદી ફટકારી હતી. તેણે ૯ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા. જોસ બટલરે ૩૫ રન અને કેપ્ટન સંજુ સેમસને ૩૮ અણનમ રનનું યોગદાન આપ્યું હતું. MI તરફથી પિયૂષ ચાવલાને એક વિકેટ મળી હતી. મુંબઈ તરફથી તિલક વર્માએ ૪૫ બોલમાં ૩ સિક્સરથી ૬૫ રનની અડધી સદીની ઈનિંગ રમી હતી, જ્યારે નેહલ વાઢેરા ૪૯ રન બનાવીને આઉટ થયો હતો.

# ૨૪મીથી NSE નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ પર ડેરિવેટિવ્ઝ લોન્ચ કરશે

અમદાવાદ


ટ્રેડ થયેલા કોન્ટ્રાક્ટના આધારે વર્ષ ૨૦૨૩માં વિશ્વના નંબર ૧ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ, નેશનલ સ્ટોક એક્સચેન્જને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા તરફથી નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ (NIFTYNXT50) પર ડેરિવેટિવ્ઝ માટે મંજૂરી મળી ગઈ છે, જેના આધારે ૨૪ એપ્રિલ, ૨૦૨૪થી આ કોન્ટ્રાક્ટ લોન્ચ કરવામાં આવશે.

એક્સચેન્જ ૩ સીરિયલ માસિક ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈન્ડેક્સ ઓપ્શન્સ કોન્ટ્રાક્ટ સાયકલ ઓફર કરશે. રોકડમાં સેટલ થનારા ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ એક્સપાયરી મહિનાના છેલ્લા શુક્રવારે સમાપ્ત થશે.

નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ, નિફ્ટી ૫૦ની કંપનીઓને બાદ કરતાં નિફ્ટી ૧૦૦ની ૫૦ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરે છે. માર્ચ ૨૦૨૪ સુધીમાં, ઈન્ડેક્સમાં નાણાકીય સેવા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ સૌથી વધુ ૨૩.૭૬%, ત્યારબાદ ૧૧.૯૧% સાથે કેપિટલ ગુડ્સ સેક્ટર અને ૧૧.૫૭% પ્રતિનિધિત્વ સાથે કન્ઝ્યુમર સર્વિસીઝ હતું. આ ઈન્ડેક્સ ૧ જાન્યુઆરી , ૧૯૯૭ ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો, જેના બેઝ ડેટ અને બેઝ વેલ્યુ અનુક્રમે ૩ નવેમ્બર ૧૯૯૬ અને ૧૦૦૦ હતા. વિતેલા વર્ષોમાં, ઈન્ડેક્સની પદ્ધતિમાં સુધારો થતો રહ્યો છે. ૪ મે, ૨૦૦૯થી ઈન્ડેક્સ કોમ્પ્યુટેશન પદ્ધતિને ફ્રી ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશન વેઈટેડ મેથડમાં પરિવર્તિત કરવામાં આવી હતી. ત્યારબાદ, ઘટક શેરો માટે વેઈટ કેપિંગની રજૂઆત કરવામાં આવી હતી, જેના પર ડેરિવેટિવ્સ ઉપલબ્ધ ન હતા. ૨૦૨૩માં તેને સુધારીને ૧૦% પર મર્યાદિત નોન-F&O શેરોમાં પરિવર્તિત કરવામાં આવ્યું હતું, જ્યારે ઈન્ડેક્સમાં નોન-ફ્રીફ્લોટ સ્ટોક વ્યક્તિગત રીતે ત્રિમાસિક રિબેલેન્સ તારીખો પર ૪.૫% પર મર્યાદિત છે.

આ પ્રસંગે, NSEના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર શ્રીરામ કૃષ્ણને જણાવ્યું હતું કે "નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ (NIFTYNXT50) પર ડેરિવેટિવ્ઝની શરૂઆત હાલના ઈન્ડેક્સ ડેરિવેટિવ્ઝ પ્રોડક્ટ માળખા માટે સારી રીતે પૂરક બનશે. નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ, ટોચના લાર્જ અને લિક્વિડ ggv સ્ટોક્સ ધરાવતા નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ અને ટોચના લાર્જ અને લિક્વિડ મિડ કેપિટલાઈઝ્ડ સ્ટોક્સ ધરાવતા નિફ્ટી મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સ વચ્ચેની જગ્યાનું પ્રતિનિધિત્વ કરશે."

# પુષ્પા - ૨ ફિલ્મે રચ્યો ઈતિહાસ ! રિલીઝ પહેલા જ ૧૦૦૦ કરોડનો બિઝનેસ કર્યો







મુંબઈ,

સાઉથ સિનેમાનો સુપરસ્ટાર અલ્લુ અર્જુન તેની આગામી ફિલ્મ 'પુષ્પા ૨: ધ રૂલ'ને લઈને ખંબ ચર્ચામાં છે. સુપરસ્ટારના જન્મદિવસના અવસર પર નિર્માતાઓએ ફિલ્મનું ટીઝર બધા સાથે શેર કર્યું હતું. ટીઝરમાં અલ્લુ અર્જુનની ઝલક જોયા પછી બધાને ખાતરી હતી કે આ ફિલ્મ જબરજસ્ત હશે. જોકે, ફિલ્મનું પ્રમોશન હજી શરૂ પણ થયું નથી તે પહેલા પિક્ચરે જોરદાર બિઝનેસ કરી લીધો છે. વર્ષ ૨૦૨૧માં આવેલી ફિલ્મ પુષ્પા: ધ રાઈઝે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. હવે આ ફિલ્મનો બીજો ભાગ 'પુષ્પા ૨: ધ રૂલ' રિલીઝ પહેલા જ બિઝનેસ કરવા લાગી છે. એક રિપોર્ટ અનુસાર, અલ્લુ અર્જુનની ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થાય તે પહેલા જ તેની કમાણી ૧૦૦૦ કરોડ રૂપિયાના આંકડાને સ્પર્શી ગઈ છે. પુષ્પા એક મોટી બ્રાન્ડ બની ગઈ છે.

# ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માટે આગામી બે અઠવાડિયામાં ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવશે

નવીદિલ્હી

લગભગ બે અઠવાડિયાની વાત છે, તે પછી જૂનમાં યોજાનારા ટી ૨૦ વર્લ્ડ કપ ( ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪) માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવશે. એવું પણ શક્ય છે કે પસંદગી સમિતિએ નામો પસંદ કરીને સાચવી લીધા હોય અને માત્ર જાહેરાત થવાની બાકી હોય, પરંતુ કેટલાક ખેલાડીઓને લઈને મીડિયા, ભૂતપૂર્વ ક્રિકેટરો અને ચાહકોમાં ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. કારણ એ છે કે અસાધારણ પ્રદર્શનના આધારે અગરકર એન્ડ કંપનીની સામે અચાનક એવા વિકલ્પો ઉભા થઈ ગયા કે સ્થિતિ એવી બની ગઈ કે કોને છોડવામાં આવે અને કોને વર્લ્ડ કપની ટિકિટ આપવામાં આવે. રિયાન પરાગને કેવી રીતે છોડવો, તો પછી શિવમ દુબેને કેવી રીતે અવગણવું? યુઝવેન્દ્ર ચહલને સાથે લેવો જોઈએ કે બિશ્નોઈને. અને તે દરમિયાન, ઝડપી ઉભરતા યુવા ફાસ્ટ બોલર મયંક યાદવે સતત બે મેચમાં બે પ્લેયર ઓફ ધ મેચ જીતીને પસંદગીના ખૂબ જ વ્યાકરણને ફટકો માર્યો છે.

મયંક ઈજાગ્રસ્ત થયા બાદ છેલ્લી ત્રણ મેચમાં રમ્યો નથી. ટીમ દ્વારા તેમના વિશે કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. જાણે કે વર્લ્ડ કપ માટે કોઈ રણનીતિ કામ કરી રહી છે, પરંતુ તેનાથી વિપરીત ભૂતપૂર્વ દિગ્ગજ ટોમ મૂડીએ એક વેબસાઈટ સાથે વાત કરતા મયંકને લઈને ચેતવણી આપી છે. મૂડીએ કહ્યું કે મેં મયંકને જે કેટલીક મેચોમાં જોયો તે એટલી હદે અસાધારણ હતી કે તમે વારંવાર રિપ્લે જોવા માંગો છો, પરંતુ તમે તેના પર વિચાર કર્યા વિના પ્રતિક્રિયા આપી શકતા નથી. ખાસ કરીને જ્યારે તે ટી ૨૦ વર્લ્ડ કપની પસંદગી સાથે સંબંધિત હોય. મયંક માત્ર બે મેચ રમ્યો છે અને તે ઈજાગ્રસ્ત થયો છે.

ભૂતપૂર્વ ક્રિકેટરે કહ્યું કે તમે ખરેખર નથી જાણતા કે તે લાંબા સમય સુધી, દબાણની ક્ષણોમાં અને વિવિધ ભૂમિકાઓમાં શું કરી શકે છે. તેમાં કોઈ શંકા નથી કે તે ભવિષ્યનો સ્ટાર ખેલાડી છે અને તેની કાળજી લેવાની જરૂર છે, પરંતુ મારા મતે તેને આ વર્ષની આવૃત્તિ માટે નહીં પણ ૨૦૨૬ના વર્લ્ડ કપ માટે જોવો જોઈએ.

# જિગરા ફિલ્મ માટે આલિયા બાસ્કેટ બોલની ટ્રેનિંગમાં વ્યસ્ત બની ગઈ

મુંબઈ

આલિયા ભટ્ટ પોતે 'જિગરા' ફિલ્મનું નિર્માણ કરી રહી છે અને આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા પણ ભજવી રહી છે. ફિલ્મના રોલને ન્યાય આપવા માટે તે હાલ બાસ્કેલ બોલની ઘનિષ્ઠ ટ્રેનિંગ લઈ રહી હોવાનું જાણવા મળે છે. ફિલ્મની વાર્તા બાસ્કેટ બોલની ગેમ આધારિત હોવાથી દિગ્દર્શક વાસન બાલાએ આલિયાને કહ્યું હતું કે પરફેક્શન માટે તેણે બાસ્કેટ બોલની બાકાયદા ટ્રેનિંગ લેવી જોઈએ. તે પછી આલિયા માટે એક ખાસ કોચ નિયુક્ત કરાયા હતા. આલિયાને આ રમતના નિયમો શિખવાડવામાં આવ્યા હતા. બાદમાં તેની પ્રેક્ટિકલ ટ્રેનિંગ શરુ થઈ હતી. આલિયાને બાસ્કેટ બોલના નિપુણ ખેલાડીઓ સાથે રમાડવામાં આવી હતી અને તેને ડ્રબલ તથા ડબલ ડ્રિબલ કઈ રીતે પાસ કરવા, બાસ્કેટમાં બોલ કઈ રીતે નાખવો વગેરે શિખવાડાયું હતું.





# કેનેડામાં આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ વિઝાની મંજૂરી માટેના નિયમોમાં ફેરફાર

**સ્ટુડન્ટ વિઝા મંજૂર થવામાં લાગે છે ત્રણથી ચાર મહિનાનો સમય**

ઑન્ટારિઓ/ટોરોન્ટો,

આ વર્ષ ની શરૂઆતથીજ કેનેડિયન સ્ટુડન્ટ વિઝા મંજૂર થવામાં ત્રણથી ચાર મહિનાનો સમય લાગી રહ્યો છે. કેનેડીયન સરકાર દ્વારા આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ વિઝાની મંજૂરી માટેના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કેનેડિયન વિદ્યાર્થી વિઝા સલાહકારો નિર્દેશ કરે છે કે કેનેડિયન સરકારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની





સંખ્યા મર્યાદિત કરવા સહિત વિદ્યાર્થી વિઝામાં ઘણા ફેરફારો લાગુ કર્યા છે. કેનેડિયન પ્રાંત દ્વારા જાહેર કરાયેલ પ્રમાણિત પત્રો હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે વિઝા મેળવવા માટે ફરજિયાત છે. કોલેજ/યુનિવર્સિટી તરફથી દરખાસ્ત પત્રો પણ ફરજિયાત બનાવવામાં આવ્યા છે. સલાહકારોએ એમ પણ કહ્યું કે આ ફેરફારો ૨૨ જાન્યુઆરીથી અમલમાં આવ્યા છે અને ઘણા પ્રાંતો/પ્રદેશોએ હજુ સુધી વેરિફિકેશન લેટર્સ જારી કર્યા નથી, જેના કારણે તેમના વિઝા હજુ સુધી મંજૂર થયા નથી.

# અરે વકાર, ત્યારે મને તું બહુ ઘમંડી લાગ્યો, દોસ્ત : રૂપાલી ગાંગુલી



મુંબઈ

રૂપાલી ગાંગુલીની ટીવી સીરિયલ 'અનુપમા'એ નાના પડદાના તમામ શોને પાછળ છોડી દીધા છે. દરરોજ ચાહકોને આ સિરિયલમાં નવા-નવા ટ્વિસ્ટ અને ટર્ન્સ જોવા મળે છે. લગભગ ત્રણ મહિના પહેલા મેકર્સે 'અનુપમા'માં થોડા વર્ષોની છલાંગ લગાવવાનું નક્કી કર્યું હતું. આ છલાંગને કારણે વાર્તામાં ઘણા નવા પાત્રોનો પ્રવેશ થયો. યશદીપ આ પાત્રોમાંથી એક છે. પ્રખ્યાત અભિનેતા વકાર શેખ યશદીપની ભૂમિકા ભજવી રહ્યો છે, જે અનુજની ગેરહાજરીમાં અનુપમાને સપોર્ટ કરે છે. વકાર શેખે જણાવ્યું કે રૂપાલી ગાંગુલીને લાગ્યું કે તે ખૂબ જ અહંકારી છે.

વકારે કહ્યું, "ખરેખર મેં ઘણા વર્ષો પહેલા રૂપાલી ગાંગુલી સાથે કામ કર્યું હતું. આ ઘટનાને કદાચ ૧૨ થી ૧૩ વર્ષ વીતી ગયા છે. મેં રૂપાલી સાથે એક પ્રોજેક્ટ શૂટ કર્યો હતો. ફરાહ જી, આ તબ્બુની મોટી બહેન ફરાહ નાઝનો પ્રોજેક્ટ હતો, જે એક પ્રખ્યાત અભિનેત્રી પણ રહી ચુકી છે. તે સમયે તેણે એક ટેલિફિલ્મ બનાવી હતી. રૂપાલી અને હું આ ફિલ્મનો ભાગ હતા. અમારી સાથે કેટલાક અન્ય કલાકારો પણ હતા. હવે મને તે બરાબર યાદ નથી કારણ કે તે ખૂબ જૂની વાર્તા છે. ત્યારે અમે બહુ વાત કરી ન હતી. પરંતુ રૂપાલીએ તે સમયે મારા વિશે એક ધારણા બનાવી લીધી હતી.

# ધોનીનું મન હંમેશા અપડેટ રહે છે, પરંતુ કદાચ તેનું શરીર હવે નબળું પડી ગયું છે : ઉથપ્પા





મુંબઈ,

આ ઉંમરે મહેન્દ્ર સિંહ ધોનીની સક્રિયતા બધાને ચોંકાવી દે છે. પૂર્વ બેટ્સમેન રોબિન ઉથપ્પાએ કહ્યું કે ધોનીનું મન હંમેશા અપડેટ રહે છે. જો કોઈ વસ્તુ તેને ક્રિકેટથી દૂર રાખી શકે છે તો તે તેની વધતી ઉંમર છે. કારણ કે અમુક સમયે શરીર સહકાર આપવાનું બંધ કરી દે છે. તેની ટૂંકી પરંતુ અસરકારક ઈનિંગ્સના કારણે ચેન્નાઈની ટીમમાં ઉત્સાહ છવાયેલો છે. ધોનીએ તેની છેલ્લી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સ સામે ૯ બોલમાં ૨૮ રન બનાવ્યા હતા.

ઉથપ્પાએ કહ્યું, "એક જ વસ્તુ જે તેને રોકી રહી છે તે તેનું સ્વાસ્થ્ય છે. તેની ફિટનેસ જ તેને આગળ રમવાથી રોકશે. તે રમતને પસંદ કરે છે અને તેના પ્રત્યે અત્યંત જુસ્સાદાર છે. તે આગળ પણ ચાલુ રાખવા માંગે છે." "જો ત્યાં કંઈપણ છે જે તેને રોકશે, તો તે તેનું પોતાનું શરીર હશે." છેલ્લી મેચમાં ધોનીએ યશ ઠાકુરની બોલ પર બીજી સિક્સર ફટકારતા પહેલા મોહસીન ખાન પર ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો.

# અભિષેકે પત્ની ઐશ્વર્યા પર વરસાવ્યો પ્રેમ, લગ્નના ૧૭ વર્ષ પૂરા, આરાધ્યાની સ્મિતે ચોરી લીધી લાઈમલાઈટ

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન તેના કામની સાથે સાથે તેની અંગત જીવનને કારણે પણ ચર્ચામાં રહે છે. ઐશ્વર્યા અને અભિષેક ફેન્સના ફેવરિટ કપલમાંથી એક છે. ચાહકો બંનેને સાથે જોવાનું પસંદ કરે છે. જો કે, ભૂતકાળમાં તેમના લગ્નને લઈને વિવિધ પ્રકારના સમાચાર પણ સામે આવ્યા હતા. પરંતુ હવે ચારે બાજુથી અફવાઓ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. ઐશ્વર્યા અને અભિષેકે તેમના લગ્નની વર્ષગાંઠ પર એક સુંદર પોસ્ટ શેર કરી છે.

ઐશ્વર્યા અને અભિષેકના લગ્નના ૧૭ વર્ષ પૂર્ણ થયા છે. બંનેએ ૨૦ એપ્રિલ ૨૦૦૭ના રોજ લગ્ન કર્યા હતા. તેમના લગ્નની વર્ષગાંઠના અવસર પર, ઐશ્વર્યા અને અભિષેકે તેમના સંબંધિત ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સમાન તસવીર શેર કરી છે. ઐશ્વર્યા અને અભિષેક સિવાય આ તસવીરમાં જેણે બધાની લાઈમલાઈટ કબજે કરી છે તે છે આરાધ્યા બચ્ચન. આરાધ્યાની તેના માતા-પિતા સાથેની આ તસવીર ખૂબ જ ક્યૂટ છે. ચાહકો આ પોસ્ટ પર ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે. આ તસવીર શેર કરતી વખતે ઐશ્વર્યા અને અભિષેકે કેપ્શનમાં માત્ર એક જ રેડ હાર્ટ ઈમોજી બનાવી છે. તેની આ તસવીર માટે આટલું જ પૂરતું છે. ઐશ્વર્યા અવારનવાર તેના પરિવાર સાથેની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. ખાસ કરીને દીકરી આરાધ્યા સાથે. બોલિવૂડ સ્ટાર્સથી લઈને ફેન્સ સુધી દરેકે આ કપલની પોસ્ટ પર ખૂબ જ પ્રેમ વરસાવ્યો છે. તે જ સમયે, ઘણા વપરાશકર્તાઓ આરાધ્યાની સુંદરતાના વખાણ કરી રહ્યા છે.

ઐશ્વર્યા અને અભિષેકની લવસ્ટોરીની વાત કરીએ તો બંનેએ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. ફિલ્મો દરમિયાન જ બંને વચ્ચે પહેલા મિત્રતા થઈ અને પછી આ મિત્રતા પ્રેમમાં બદલાઈ ગઈ. કહેવાય છે કે અભિષેકે ન્યૂયોર્કની એક હોટલની બાલ્કનીમાં ઉભા રહીને ઐશ્વર્યા સામે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો.



# ચિત્રકૂટ ધામ તલગાજરડા ખાતે એવોર્ડ વિતરણ સાથે સળંગ ૪૭માં હનુમંત સંગીત મહોત્સવનું સમાપન







તસવીર : હરેશ જોશી

તલગાજરડામાં હનુમાન જન્મોત્સવ પ્રસંગે રૂપા ગાંગુલીને નટરાજ એવોર્ડ પૂ.મોરારીબાપુ દ્વારા એનાયત થયો

કુંઢેલી, તા.૨૩

મહુવાના તલગાજરડા ખાતેના ચિત્રકૂટ ધામ ખાતે આજે હનુમાન જન્મોત્સવ નિમિત્તે સવારે ૮:૩૦ કલાકે સુંદરકાંડના પાઠ હનુમાન ચાલીસા, આરતી સહિતના કાર્યક્રમો થયા હતા. બાદમાં અહીં ૧૨ વરિષ્ઠ કલા સાધકો ને વિવિધ એવોર્ડ પૂ. મોરારીબાપુ દ્વારા અર્પણ કરીને વંદના કરવામાં આવેલ. બાદમાં મોરારીબાપુએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.હરિશ્ચંદ્ર જોશીના સંચાલન આ બેનમૂન સંગીતિક ઉપક્રમ સંપન્ન થયો હતો. જયદેવભાઈ માંકડ તેમજ ચિત્રકૂટધામ પરિવાર, કૈલાસ ગુરુકુળના છાત્રો વગેરેની સક્રિય ભૂમિકા રહી હતી.

**આ કલા સાધકોને એવોર્ડ અર્પણ કરીને થઈ વંદના**

હનુમંત એવોર્ડ, વિદુષી પદ્મા તલવલકરને (ગાયન), હનુમંત એવોર્ડ, પંડિત રાજેન્દ્ર પ્રસન્નાને (વાદ્ય સંગીત), હનુમંત એવોર્ડ, પદ્મશ્રી નલીની - પદ્મશ્રી કમલીની ને (કથક નૃત્ય), હનુમંત એવોર્ડ, પદ્મશ્રી વિજય ઘાટેને (તાલવાદ્ય તબલા), નટરાજ એવોર્ડ, રાજેશભાઈ કુકરવાડિયાને (ભવાઈ), નટરાજ એવોર્ડ, કપિલદેવ શુક્લ (ગુજરાતી રંગમંચ, ભવાઈ), નટરાજ એવોર્ડ, રૂપા ગાંગુલીને (હિન્દી TV સીરીયલ), અવિનાશ વ્યાસ એવોર્ડ, શ્રીમતી આરતી સૌમિલ મુનશીને (સુગમ સંગીત), સમાજસેવા માટેનો સદભાવના પુરસ્કાર રામ પુનીયાને, વાચસ્પતિ પુરસ્કાર, વિજય પંડ્યાને (સંસ્કૃત ભાષાની સેવા માટે), ભામતી પુરસ્કાર, ડૉ. ઊર્મિ સમીર શાહને (સંસ્કૃત), કૈલાશ લલિત કલા એવોર્ડ, પરમાનંદ દલવાડીને (ફોટોગ્રાફી).

**તલગાજરડા ખાતે વિદુષી પદ્મા તળવલકરના સ્વરની સુગંધ**

ચિત્રકૂટ ધામ તલગાજરડા ખાતે દેશના સુપ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતના ગાયિકા વિદુષી પદ્મા તળવલકર દ્વારા થયેલી અદભુત પ્રસ્તુતિ સૌએ માણી હતી. ત્રણ ઘરાના ની સુગંધને વિશિષ્ઠ અને બખૂબી રીતે રજૂ કરી ને સૌ શ્રોતાજનો ની પ્રસન્નતા મેળવી હતી.તેમની સાથે સંગતમાં તબલા પર તેજસ માડગાવકર અને સ્વર સંગત રસિકા ગરુડ તેમજ હાર્મોનિયમ પર અમિય બિચ્ચુ રહ્યા હતા. નોંધનીય છે કે આજથી ત્રણ દાયકા પહેલાં આ જ મંચ પરથી હનુમાનજી મહારાજ સમક્ષ પદ્મા જી એ પોતાની ગાયકીની પ્રસ્તુતિ કરી હતી.આજે જૈફ વયે પણ સ્વર પ્રત્યેનો તેમનો લગાવ એ જ રહ્યો હતો.

# એક પણ ફોર્મ પરત ન ખેંચાતા ૧૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ

ભાવનગર,તા.૨૩

લોકસભા ચૂંટણીનો સોમવારે ફોર્મ ખેંચવાનો અંતિમ દિવસ હતો, જેમાં વિવિધ રાજકીય પક્ષો તેમજ અપક્ષ ઉમેદવારોએ ભરેલા ફોર્મ ખેંચવાનો અંતિમ દિવસે ભાવનગર લોકસભા બેઠક માટે એકપણ ઉમેદવારે ફોર્મ પરત ન ખેંચતા ભાવનગર-બોટાદ લોકસભા બેઠક પર ૧૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે.

ભાવનગર-બોટાદ લોકસભા બેઠક પર સોમવાર બપોર સુધી ૩ વાગ્યા સુધીમાં એક પણ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી ન હતી જેના કારણે ૧૩ ઉમેદવારો ચૂંટણી લડશે, જેમાં ૩ મુખ્ય રાષ્ટ્રીય રાજકીય પક્ષો, ૫ રાજકીય પક્ષના ઉમેદવારો અને ૫ અપક્ષ ઉમેદવારો મેદાનમાં આવ્યા છે.

લોકસભા ચૂંટણીમાં ભાવનગર લોકસભા બેઠક પર ચકાસણી દરમ્યાન ૧૯ પૈકીનાં ૬ ફોર્મ રદ કરવામાં આવ્યા હતા જેમાંથી ભાજપ, કોંગ્રેસ અપક્ષ અને અન્ય મળી કુલ ૧૩ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં રહેતા ચિત્ર સ્પષ્ટ થયું હતું જેમાં ભાજપ માંથી નિમુબેન બાંભણીયા, આમ આદમી પાર્ટીમાંથી ઉમેશ મકવાણા, બહુજન સમાજ પાર્ટીમાંથી રાઠોડ દિનેશભાઈ લાખાભાઈ, સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટીમાંથી અનિલભાઈ નરેન્દ્રભાઈ ચાવડા, ગુજરાત સર્વ સમાજ પાર્ટીમાંથી ટીડાભાઈ દેવશીભાઈ બોરીચા, ન્યુ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટીમાંથી પરમાર રાજેશકુમાર પ્રેમજીભાઈ, રાઈટ ટુ રિકોલ પાર્ટીમાંથી ભુપતભાઈ મોહનભાઈ વાળા, આપકી આવાઝ પાર્ટીમાંથી કલાણીયા સાગરભાઈ પોપટભાઈ, જ્યારે નરેશભાઈ નારણભાઈ રાઠોડ - અપક્ષ, બ્રહ્મક્ષત્રિય ભગવતીબેન ખેતસિંહ - અપક્ષ, મૂળશંકરભાઈ રઘુરામભાઈ ચૌહાણ - અપક્ષ, સંજયભાઈ મગનભાઈ મકવાણા - અપક્ષ, હર્ષ ગોકલાણી - અપક્ષ ઉમેદવાર છે.

# ભાવનગરના કવયિત્રી રક્ષા શુક્લને અતૂલ્ય વારસો આઈડેન્ટિટી એવોર્ડ



ભાવનગર,તા.૨૩

તાજેતરમાં ભાવનગરના સુપ્રસિદ્ધ કવયિત્રી રક્ષા શુક્લનાં એમનાં નારીશક્તિના સાહિત્યસર્જનને અનુલક્ષીને અતૂલ્ય વરસો આઈડેન્ટિટી એવોર્ડ ગાંધીનગર ખાતે અર્પણ થયો હતો. પદ્મશ્રી જોરાવરસિંહ જાદવની વિશેષ ઉપસ્થિતિમાં સમાજસેવિકા મિતલ પટેલના વરદ હસ્તે આ સન્માન થયું હતું. થોડા સમય એમને પહેલા રાજ્યપાલના હસ્તે 'સંસ્કાર વિભૂષણ' એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો.

રક્ષા શુક્લ લિખિત અને ગુજરાત સાહિત્ય અકાદમી અકાદમી પ્રકાશિત પદ્મશ્રી મહિલાની સિદ્ધિ અને સંઘર્ષને આલેખતું પુસ્તક 'તેજસ્વિની'ને સર્વશિક્ષા અભિયાને માન્ય કરી સમગ્ર ગુજરાતના પુસ્તકાલયમાં પહોંચાડ્યું છે. મુખ્યમંત્રીના હસ્તે 'વનિતાવિશેષ' સન્માન અને ભારત સરકાર દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'ભારતની ૭૫ સર્વશ્રેષ્ઠ મહિલાઓ' સન્માન મળી ચૂક્યું છે. આકાશવાણીના રાષ્ટ્રીય કવયિત્રી સન્માન પ્રાપ્ત કરનાર ભાવનગરના એક માત્ર કવયિત્રી છે. દસથી વધુ દેશની સંસ્કૃતિક યાત્રા કરી છે. વીસથી વધુ પુસ્તકો પ્રગટ થઈ ચુક્યા છે. ગાયક, ચિત્રકાર અને વક્તા તરીકે પણ કાર્યરત છે.

# ખેડુતવાસમાં મકાનમાંથી ૫૫ હજારના દાગીનાની તસ્કરી

## ઘરમાં સંતાડેલી કબાટની ચાવી શોધી કબાટ ખોલી દાગીના કાઢી લીધા

ભાવનગર, તા.૨૩

શહેરના ખેડુતવાસ વિસ્તારમાં આવેલા જુના મ્યુ. ક્વાર્ટરમાં તા.૯ના રોજ ધોળા દિવસે તસ્કરો ત્રાટક્યા હતા અને કબાટમાંથી રૂા.૫૫૦૦૦ની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી હતી. પલાયન થયાની ફરિયાદ નોંધાવતા ઘોઘારોડ પોલીસે આ બનાવ અંગે અજાણ્યા આરોપી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના ખેડુતવાસમા રહેતા ચંપાબહેન મકવાણાએ ફરિયાદ નોંધાવેલ કે તેઓ તા.૯ના રોજ સવારે મજુરી કામ માટે ગયા હતા અને બપોરના સમયે તેમનો દિકરો ઘરે જમવા માટે આવ્યો હતો. પુત્ર જમવા માટે આવ્યો તે સમયે ઘરનો પાછળનો દરવાજો અડધો ખુલેલો હતો એટલે તપાસ કરતા કબાટ પણ ખુલ્લો હોવાનું જોવા મળ્યું હતું. પુત્રએ માતાને ફોન કરતા તેમના માતા ઘરે આવ્યા હતા. અને કબાટમાં તપાસ કરવામાં આવતાં કબાટમાં પડેલી રૂા.૨૨૦૦૦ની કિંમતની સોનાની ચેન, રૂા.૯૦૦૦ની કિંમતની સોનાની બુટ્ટી અને રૂા.૧૯,૦૦૦ની કિંમતની સોનાની ૩ વીંટીની ચોરી થઈ હોવાનું જણાયું હતું. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ધોળા દિવસે ત્રાટકેલા તસ્કરે ઘરમાં કબાટની ચાવી જે થેલીમાં છુપાવી હતી તે શોધી કાઢીને ચોરી કરી હતી. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાણપુર રેલવે ફાટક પાસેથી દારૂની ૧૪૪૦ બોટલ ઝડપાઈ

## અવાવરું જગ્યાએથી બિયરના ૭૨ ટીન મળી કુલ રૂા. ૬.૪૭ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરતી પોલીસ

ભાવનગર,તા.૨૩

લોકસભાની ચૂંટણી પહેલા અજાણ્યા બુટલેગરોએ દારૂ અને બિયરની મોટી ખેપ ઉતારી હોવાની બાતમીના આધારે પોલીસે રાણપુરના રેલવે ફાટક પાસે આવેલી અવાવરૂ જગ્યામાં દરોડો પાડી ૬.૪૭ લાખથી વધુની કિંમતનો ઈંગ્લીશ દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર રાણપુરના રાણપુર-બરવાળા રોડ પર આવેલા રેલવે ફાટક પાસે અવાવરૂ જગ્યામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખવામાં આવ્યો હોવાની ચોક્કસ બાતમીના આધારે રાણપુર પોલીસે મોડીરાત્રે રાણપુર રેલવે ફાટક પાસેની અવાવરૂ જગ્યામાં રેઈડ કરી હતી.

પોલીસે પગપાળા જઈ કેડી માર્ગે વાટ આગળ તપાસ કરતા અવાવરૂ પડતર જમીનમાં ભારતીય બનાવટની દારૂની અલગ-અલગ કંપનીની બોટલ નં.૧૪૪૦ અને બિયરના ટીન નં.૭૨ (કિ.રૂા.૬,૪૭,૦૧૬)નો મુદ્દામાલ મળી આવતા જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસની રેઈડમાં કોઈ શખ્સ હાજર મળી ન આવતા પીએસઆઈ એચ.એ.વસાવાએ અજાણ્યા બુટલેગર સામે પ્રોહિ. એક્ટની કલમ ૬૫ (ઈ), ૧૧૬-બી મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ મહિલા પીઆઈ કે.એસ.દેસાઈએ હાથ ધરી છે.

# ભવનાથમાં દૂધની થેલી લઈ જવા પર પણ પ્રતિબંધ!

## કોર્ટના આદેશનું ખોટું અર્થઘટન કરીને ભવનાથને યાત્રિકો મુક્ત




જૂનાગઢ,,તા.૨૩

જૂનાગઢના મુખ્ય તીર્થક્ષેત્ર ભવનાથમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધના નામે હવે દૂધની થેલી લઈ જવા પર પણ પ્રતિબંધ મૂકી દેવાતા હોબાળો થઈ રહ્યો છે. આ અંગે ગિરનાર સ્થિત અંબાજી મંદિરના મહંત મોટાપીરબાવા તનસુખગીરીબાપુએ પ્લાસ્ટિકમુક્ત ગિરનારનું સૂત્ર લાગુ કરીને ભવનાથને યાત્રીકો મુક્ત કરવાનું કારસ્તાન ચાલી રહ્યું હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, ભવનાથ વિસ્તારને પ્લાસ્ટિકમુક્ત કરવાનું અભિયાન યાત્રિકો માટે દુઃખદ છે. કારણકે આજે કોઈપણ વસ્તુ ખરીદ કરો તેનું પેકીંગ મોટાભાગે પલાસ્ટીકમાંજ આવે છે.ભારત સરકારનું ગેઝેટ જે ૨૦૧૨ માં જાહેર કરાયું ત્યારે આ વિસ્તારને ઈકો સેન્સેટિવ ઝોન જાહેર કર્યો છે એ સાચું. પરંતુ ગેઝેટને સાચી રીતે સમજવાની જરૂર છે. તેમાં ક્યાંય પ્લાસ્ટિક ઉપરના પ્રતિબંધની વાત નથી માત્ર પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય નિકાલ કરવાની તાકીદ કરવામાં આવી છે. એ ઉપરાંત હાઈકોર્ટનો હુકમ પણ યોગ્ય રીતે સમજવાની જરૂર છે. તેમાં જો આવો આદેશ હોય તો સરકાર વતી હાઈકોર્ટનું માર્ગદર્શન માગવું જોઈએ કે, પ્લાસ્ટિક મુક્ત એટલે કોઈપણ વસ્તુ ન લઈ જવી કે પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય નિકાલ કરવો?ભવનાથ તીર્થક્ષેત્રમાં ઈકોસેન્સેટિવ ઝોનના નિયમોને લાગુ કરવાની કાર્યવાહીમાં કઈક કાચું કપાઈ રહ્યું છે. ગેઝેટમાં જે લખાયું છે તેની અમલવારી કરવાની હોય તો એમાં પલાસ્ટીક કચરાનો યોગ્ય નિકાલ થાય તે વ્યવસ્થા કરવાની છે તેવું વાંચી શકાય છે. પરંતુ અહીં પ્લાસ્ટિક પેકીંગ વાળી તમામ વસ્તુઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એ વાસ્તવિકતાથી જોજનો દૂર છે. આ મામલે જરૂર જણાય તો હાઈકૉર્ટનું માર્ગદર્શન પણ માગવું જોઈએ. નહીં તો જૂનાગઢમાં પણ તમામ ધંધા રોજગારને માઠી અસર થશે જેની સૌથી વધુ અસર લોકોને પણ થવાની છે.આ મામલે સરકારે યોગ્ય માર્ગદર્શન સાથે અમલવારી કરાવવી જોઈએ. કારણકે, યાત્રિકો ભવનાથ તીર્થની શાન છે. તેને થતી કનડગત એ ધર્મ સાથે છેડછાડ જેવી છે. માટે તંત્ર યોગ્ય નિર્ણય નહીં કરે તો સંત સમાજ મેદાનમાં ઉતરશે અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરતાં પણ અચકાશે નહીં. । મોટાપીરબાવા તનસુખગીરીબાપુ, ગીરનાર અંબાજી મંદિરના મહંત

# યુનિ. પરીક્ષામાં પ્રથમ સ્થાને આવી વિવેકાનંદ કોલેજની વિધાર્થીની ઉર્વી

ભાવનગર,તા.૨૩

મહારાજા કૃષ્ણાકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા દ્વિતિય વર્ષ બી.એસ.એમ.એસ.ની તાજેતર માં માર્ચ-૨૦૨૪ માં લેવાયેલ પરિક્ષા માં શ્રીમતી વી.ટી.કેવડીયા તથા શ્રીમતી ડી.આર.કીકાણી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને હોસ્પીટલ ની વિધાર્થીનીઓએ યુનિવર્સિટી માં પ્રથમ ત્રણમાં સ્થાન મેળવેલ છે. જેમાં યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને કાસંદરીયા ઉર્વી વી., દ્વિતિય સ્થાને ગોહિલ વૃંદા એસ. અને તૃતિય સ્થાને કાસંદરીયા ધારા કે. એ સ્થાન મેળવી કોલેજ નું ગૌરવ વધારેલ છે. જે બદલ સમગ્ર કોલેજ પરિવાર વતી અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરતા સ્કાઉટ ગાઈડ, રોવર રેંજર વિદ્યાર્થીઓ



ભાવનગર,તા.૨૩

૨૨ એપ્રિલ એટલે વિશ્વ પૃથ્વી દિવસ આ દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઈ રહી છે અને દરેક પર્યાવરણ પ્રેમી હાલના દિવસોમાં પૃથ્વી ઉપર થઈ રહેલી હિલચાલથી ચિંતિત છે ત્યારે ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ભાવનગર શહેરની જુદી જુદી શાળાના સ્કાઉટ ગાઈડને આ અંગે માર્ગદર્શન આપી જાગૃત કરવામાં આવ્યા જેમાં પ્લાસ્ટિકનો ઉપયોગ કઈ રીતે ઓછો કરી શકીએ અને પ્લાસ્ટિકથી થતી માનવ જીવન પરની અસરો સાથે પૃથ્વીની હાલની પરિસ્થિતિ અંગે વાત કરી તેની ગંભીરતાથી સ્કાઉટ ગાઈડને માહિતગાર કરાયા સ્કાઉટ ગાઈડ દ્વારા માનવ સાંકળ બનાવવામાં આવી ઉપરાંત વધતી જતી ગરમી સામે રક્ષણ મેળવવા વૃક્ષોનું જતન કઈ રીતે કરી શકાય તેની માહીતી આપી પૃથ્વી દિવસને ધ્યાનમાં લઈ સૌ સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી કે આપણે સૌ પ્લાસ્ટિક રુપી કચરાનો યોગ્ય નિકાલ કરી ધરતી માતાને આ પ્લાસ્ટિક રૂપી રાક્ષસમાંથી મુક્તિ આપીએ અને આપણું અને આપણી આવનારી પેઢીનું સારું ઈ છીએ આ કાર્યમાં દક્ષિણામૂર્તિ કુમાર મંદિર, ગિજુભાઈ કુમાર મંદિર, સ્વામિનારાયણ ગુરુકુળ, વિદ્યાધીશ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સ્કાઉટ ગાઈડ બાળકો જોડાયા હતા.

# તળાજા તાલુકાના રીસીવીંગ - ડીસ્પેચીંગ સ્ટાફની યોજાઈ તાલીમ



લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને લઈને ભાવનગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ સ્તરે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આગામી ૭ મે રોજ મતદાન થનાર છે ત્યારે જિલ્લાનાં તાલુકાઓમાં કર્મચારીઓની તાલીમ યોજાઈ રહી છે.લોકસભા સામાન્ય ચુંટણી - ૨૦૨૪ અન્વયે ૧૦૦ - તળાજા વિધાનસભા મત વિસ્તારના રીસીવીંગ - ડીસ્પેચીંગ સ્ટાફની સરકારી વિનયન કોલેજ, તળાજા ખાતે ચૂંટણી અંગેની તાલીમ આપવામાં આવી હતી.


## જન્મદિન શુભેચ્છા

### વડવાના ભાજપ કાર્યકર પ્રશાંત ડોડીયાનો જન્મદિન

ભાવનગર શહેરના વડવા ખીજડા વાળી શેરીમાં રહેતા, અને ભાજપા વડવા અ વોર્ડના કોષાધ્યક્ષ, તથા નીતા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના એકાઉન્ટ મેનેજર એવા સમાજ સેવી પ્રશાંત સુરેશભાઈ ડોડિયાનો આજે તા.૨૩- એપ્રિલના રોજ જન્મદિવસ છે. તેમના જન્મદિવસે હનુમાન જન્મોત્સવ હઘય સવારે દાદાના દર્શન કરીને આશિર્વાદ મેળવ્યા હતા. તેઓ પોતાનો જન્મદિવસ ધર્મ પત્ની ધર્મિષ્ઠા, દીકરી જાનવી, દીકરો મન સહિત પરિવારજનો સાથે જન્મ દિવસની ધામ ધૂમથી ઉજવણી કરશે. પ્રશાંતભાઈને જન્મ દિવસની શુભેચ્છા પાઠવવા કોલ કરો મો.નં. ૮૬૫૨૨૨૨૭૬૮.




**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

**અરજી નં.૪૯/૨૦૨૪**
**જ.તા.૦૧/૦૧/૧૯૬૨**

**શ્રી સનીબેન સોમાભાઈ મકવાણા**
**રહે.પ્લોટ નં.૨, ખેડુતવાસ, આનંદનગર રોડ,**
**ઉત્તરકૃષ્ણનગર, ભાવનગર**

**વિરૂદ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી**
**ભાવનગર**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સનીબેન સોમાભાઈ મકવાણા રહે.પ્લોટ નં.૨, ખેડુતવાસ, આનંદનગર રોડ, ઉત્તરકૃષ્ણનગર, ભાવનગર તેમનો જન્મ ૦૧/૦૧/૧૯૬૨ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલ મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમિયાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજરોજ તા.૧૯/૦૪/૨૦૨૪ માહેઃએપ્રિલ સને ૨૦૨૪ રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

**અરજી નં.૬૪/૨૦૨૪**
**જ.તા.૩૦/૦૫/૧૯૭૩**

**શ્રી હંસાબેન સવજીભાઈ દાઠીયા**
**રહે.વાલ્ગેટ, વાલ્મિકીવાસ, ભાવનગર**

**વિરૂદ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી**
**ભાવનગર**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હંસાબેન સવજીભાઈ દાઠીયા રહે.વાલ્ગેટ, વાલ્મિકીવાસ, ભાવનગર તેમના બહેન નીરૂબેન રામજીભાઈ નૈયાનો જન્મ ૩૦/૦૫/૧૯૭૩ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલ મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમિયાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજરોજ તા.૧૯/૦૪/૨૦૨૪ માહેઃએપ્રિલ સને ૨૦૨૪ રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**

# અમેરિકામાં ૨૦૨૨માં ૬૬ હજાર ભારતીયોને મળી નાગરિકતા

## ૨૦૨૩ સુધીમાં યુએસમાં વિદેશી મૂળના નાગરિકોમાં ૨૮,૩૧,૩૩૦ લોકો ભારતના હતા

નવીદિલ્હી,

યુએસ સંસદીય અહેવાલ મુજબ, ૨૦૨૨ માં ૬૫,૯૬૦ ભારતીયો સત્તાવાર રીતે યુએસ નાગરિક બન્યા છે. આ સાથે, મેક્સિકો પછી, ભારત હવે અમેરિકા માટે નવા નાગરિકોનો બીજો સૌથી મોટો સ્ત્રોત બની ગયો છે. ૨૦૨૨ સુધીમાં, ૪૬ મિલિયન વિદેશી મૂળના નાગરિકો અમેરિકામાં રહેતા હતા, જે ૩૩૩ મિલિયનની વસ્તી સાથે દેશના ૧૪ ટકા છે.૧૫ એપ્રિલની તાજેતરની "યુએસ નેચરલાઈઝેશન પોલિસી" રિપોર્ટ અનુસાર, ૯૬૯,૩૮૦ લોકો નાણાકીય વર્ષ ૨૦૨૨માં નેચરલાઈઝ્ડ યુએસ નાગરિક બન્યા. અમેરિકામાં નિયમો અનુસાર નાગરિકતા મેળવવાના મામલે મેક્સિકો પ્રથમ ક્રમે છે, ત્યારબાદ ભારત, ફિલિપાઈન્સ, ક્યુબા અને ડોમિનિકન રિપબ્લિકના લોકો આવે છે.

તાજેતરના સીઆરએસ રિપોર્ટ અનુસાર, ૨૦૨૨માં ૧,૨૮,૮૭૮ મેક્સિકન લોકોને યુએસ નાગરિકતા આપવામાં આવી હતી. તેમના સિવાય ભારતના ૬૫,૯૬૦ નાગરિકો, ફિલિપાઈન્સના ૫૩,૪૧૩ નાગરિકો, ક્યુબાના ૪૬,૯૧૩ નાગરિકો, ડોમિનિકન રિપબ્લિકના ૩૪,૫૨૫ નાગરિકો, વિયેતનામના ૩૩,૨૪૬ નાગરિકો અને ચીનના ૨૭,૦૩૮ નાગરિકોને અમેરિકન નાગરિકતા આપવામાં આવી હતી. CRS રિપોર્ટ અનુસાર, ૨૦૨૩ સુધીમાં, યુએસમાં વિદેશી મૂળના નાગરિકોમાં ૨૮,૩૧,૩૩૦ લોકો ભારતના હતા. તમને જણાવી દઈએ કે મેક્સિકો (૧,૦૬,૩૮,૪૨૯) પછી આ બીજો સૌથી મોટો નંબર છે. આ સિવાય ૨૨,૨૫,૪૪૭ લોકો ચીનના છે.

રિપોર્ટ અનુસાર અમેરિકામાં રહેતા કુલ ભારતીય મૂળના ૪૨ ટકા લોકો હાલમાં અમેરિકન નાગરિકતા માટે અયોગ્ય છે. ૨૦૨૩ સુધીમાં, આશરે ૨૯૦,૦૦૦ ભારતીય મૂળના વિદેશી નાગરિકો કે જેઓ યુએસમાં ગ્રીન કાર્ડ પર હતા તેઓ હવે નાગરિકતા માટે પાત્ર છે. કેટલાક નિષ્ણાતોએ યુએસ ઈમિગ્રેશન વિભાગ દ્વારા નાગરિકતા અરજીઓની પ્રક્રિયા અંગે ચિંતા વ્યક્ત કરી છે. રિપોર્ટ અનુસાર, હોન્ડુરાસ, ગ્વાટેમાલા, વેનેઝુએલા, મેક્સિકો, અલ સાલ્વાડોર અને બ્રાઝિલના વિદેશી મૂળના લોકોને પ્રાકૃતિક નાગરિકતા મળવાની ટકાવારી ઘણી ઓછી છે. તે જ સમયે, વિયેતનામ, ફિલિપાઈન્સ, રશિયા, જમૈકા અને પાકિસ્તાનમાંથી વિદેશી જન્મેલા શરણાર્થીઓને નિયમો અનુસાર નાગરિકતા મળવાની ટકાવારી ઘણી વધારે છે.

# દરરોજ એક લાખથી વધુ ભાવિકો રામલલાના દર્શને પહોંચી રહ્યા છે

અયોધ્યા,

આ વર્ષે ૨૨ જાન્યુઆરીના રોજ પીએમ નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામ મંદિરનો અભિષેક કર્યો હતો, ત્યારબાદ ત્યાં ભક્તોની ભીડ જોવા મળી હતી. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાયે જણાવ્યું હતું કે પ્રાણ પ્રતિષ્ઠા બાદથી લગભગ ૧.૫ કરોડ લોકો રામલલાના દર્શન કરવા અયોધ્યા ભાવિ મંદિરમાં પધાર્યા છે.



ચંપત રાયે કહ્યું, 'દરરોજ એક લાખથી વધુ લોકો મંદિરમાં દર્શન માટે આવી રહ્યા છે. ૨૨ જાન્યુઆરીએ 'પ્રાણ પ્રતિષ્ઠા'થી લઈને અત્યાર સુધીમાં લગભગ ૧.૫ કરોડ લોકો રામલલાના 'દર્શન' માટે આવ્યા છે. હાલમાં, મંદિરનું માત્ર ભોંયતળિયાનું જ કામ પૂર્ણ થયું છે. જ્યાં રામલલાનો અભિષેક કરવામાં આવ્યો હતો, પહેલા માળ પર કામ ચાલી રહ્યું છે. મંદિરની ફરતે ૧૪ ફૂટ પહોળી સુરક્ષા દિવાલ બનાવવામાં આવશે. આ દિવાલને મંદિરની 'પરકોટા' કહેવામાં આવે છે. આ મંદિર ત્રણ માળનું હશે. દરેક માળની ઊંચાઈ ૨૦-૨૦ ફૂટ હશે. રામ મંદિર કુલ ૨.૭ એકરમાં બની રહ્યું છે. તેની ઊંચાઈ અંદાજે ૧૬૧ ફૂટ હશે. મંદિર નિર્માણ અને અન્ય પ્રોજેક્ટમાં વધુ સમય લાગી શકે છે.

# રાહુલ ગાંધી બન્યા કવિ, 'સંપત્તિ વેચીશું'ના નિવેદન પર કવિતા લખીને મોદીને ઘેર્યા

નવીદિલ્હી,

દેશમાં જેમ જેમ લોકસભાની ચૂંટણીઓ આગળ વધી રહી છે તેમ તેમ પીએમ મોદી વધુ આક્રમક બની રહ્યા છે. ગઈકાલે ૨૧ એપ્રિલે રાજસ્થાનના બાંસવાડામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ ૨૦૦૬માં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ દ્વારા આપવામાં આવેલા નિવેદનનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ પર મોટો હુમલો કર્યો હતો. તેમણે કહ્યું કે કોંગ્રેસ દેશમાં લોકોની સંપત્તિ એકઠી કરશે અને મુસ્લિમોમાં વહેંચશે. તેમના આ નિવેદન બાદ રાહુલ ગાંધી સહિત અનેક વિપક્ષી નેતાઓ તેમના પર નિશાન સાધી રહ્યા છે. પીએમના નિવેદન બાદ રાહુલ ગાંધીએ આજે સવારે ટ્વિટર પર એક ટ્વિટ શેર કરીને કાવ્યાત્મક જુગલબંધી દ્વારા પીએમ મોદી પર વળતો પ્રહાર કર્યો છે. તેમણે લખ્યું કે દેશમાં બેરોજગારી અને મોંઘવારી ટોચ પર છે અને નરેન્દ્ર મોદી કહે છે કે બધું બરાબર છે. તેમની પાસે મુદ્દાઓથી વાળવા માટે નવી તકનીકો છે, પરંતુ જૂઠાણાના ધંધાના અંત નજીક છે. તમને જણાવી દઈએ કે ગઈકાલે રાજસ્થાનના બાંસવાડામાં રેલીને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીનો ઈરાદો આ દેશની મહિલાઓના ઘરેણા એકઠા કરીને મુસ્લિમોમાં વહેંચવાનો છે.

# શ્રીલંકામાં ગુંજશે રામનો મહિમા : રામાયણ સંબંધિત સ્થળો વિકસાવવામાં ભારતની મદદ

નવીદિલ્હી,

શ્રીલંકામાં ભારતના હાઈ કમિશનર સંતોષ ઝાએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ટોચના અધિકારીઓનું આયોજન કર્યું હતું. આ દરમિયાન દ્વિપક્ષીય રાષ્ટ્રમાં રામાયણ સાથે સંકળાયેલા સ્થળોના વિકાસમાં ભારત મદદ કરી શકે તેવી પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સંતોષ ઝા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગિરી મહારાજ અને તેમની ટીમને અહીં ઈન્ડિયા હાઉસ ખાતે મળ્યા હતા.



શ્રીલંકામાં ભારતીય હાઈ કમિશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, હાઈ કમિશનર સંતોષ ઝા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગિરિ મહારાજ અને તેમની ટીમને ઈન્ડિયા હાઉસ ખાતે મળ્યા હતા.આ દરમિયાન ઝાએ સ્વામી ગોવિંદ દેવ ગિરી મહારાજ અને તેમની ટીમ સાથે ચર્ચા કરી કે જે રીતે ભારત રામાયણ સંબંધિત સ્થળોના વિકાસમાં મદદ કરી શકે છે, લોકો-લોકોને જોડે છે તેવી રીતે શ્રીલંકામાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપી શકે છે. તમને જણાવી દઈએ કે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે જવાબદાર સંસ્થા છે. સંતોષ ઝા શ્રીલંકામાં સ્વામી ગોવિંદ દેવ ગિરી મહારાજ દ્વારા સમર્થિત રામાયણ ટ્રેલ પ્રોજેક્ટના ઉદ્ઘાટન સમારોહમાં પણ હાજર રહ્યા હતા.

# કેદારનાથમાં હેલિકોપ્ટર સેવા માટે જુન સુધીના બુકીંગ ફુલ

દહેરાદૂન,

ઉતરાખંડમાં ૧૦ મેથી શરૂ થઈ રહેલી ચારધામ યાત્રાને ધ્યાનમાં રાખીને કેદારનાથ હેલિકોપ્ટર સેવાના બુકીંગને લઈને જબરદસ્ત ઉત્સવ જોવા મળ્યો છે. કેદારનાથ હવાઈ સેવા માટે ૨૦ જૂન સુધીનું બુકીંગ ફુલ થઈ ગયું છે.અમુક કલાકોમાં જ ૧૦ મે થી ૨૦ જૂન સુધીની બધી જ ટિકીટો બુક થઈ ચૂકી છે. આ બુકીંગ આઈઆરસીટીસીની વેબસાઈટના માધ્યમથી શરૂ થયું છે. શનિવારે જ બુકીંગ સર્વિસ ખોલવામાં આવી હતી. હવે ચોમાસાની સીઝનને બાદ કરતા ઉતરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ ઓથોરિટીએ સપ્ટેમ્બર-ઓકટોબરની હેલી સેવાઓના બુકીંગ માટે પણ વિન્ડો ખોલી દીધી છે જેથી ચારધામ માટે આવનારા લોકોને સુવિધા મળી શકે. જો રાજ્યવાર બુકીંગના આંકડા જોઈએ તો તેમાં મહારાષ્ટ્ર પહેલા નંબરે છે. અહીથી આવતા શ્રદ્ધાળુઓએ ૧૯૦૪ બુકીંગ કરાવ્યા છે. એ પછી ઉતરપ્રદેશના ૮૭૮, ગુજરાતના ૮૩૭, દિલ્હીના ૭૯૩, તેલંગાણાના ૬૭૯, મધ્યપ્રદેશના ૪૩૭, આંધ્રપ્રદેશના ૪૦૫, પશ્ચિમ બંગાળના ૩૯૧, રાજસ્થાનના ૩૨૮, હરિયાણાના ૨૫૧, અરુણાચલ પ્રદેશના ૨૩૮, ઉપરાંત દાદરાનગર હવેલી અને દીવ દમણના ચાર અને મણીપુરના એક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૮ બુકીંગ કેટલાક કલાકમાં થઈ ગયા હતા.

# તિહાડ જેલમાં અરવિંદ કેજરીવાલનું સુગર લેવલ પહોંચ્યું હતું ૩૨૦ પર

## EDની ધરપકડ બાદ પ્રથમ વખત ઈન્સ્યુલિન આપવામાં આવ્યું

નવી દિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને તિહાડ જેલમાં ઈન્સ્યુલિન આપવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટીના સૂત્રોનો દાવો છે કે અરવિંદ કેજરીવાલનું શુગર લેવલ સતત વધી રહ્યું છે. સીએમ કેજરીવાલનું શુગર લેવલ ૩૨૦ પર પહોંચી ગયું હતું. EDની ધરપકડ બાદ પ્રથમ વખત ઈન્સ્યુલિન આપવામાં આવ્યું છે.



દિલ્હીની એક અદાલતે સોમવારે તિહાડ જેલમાં બંધ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ડાયાબિટીસ અને બ્લડ સુગરના સ્તરમાં વધઘટની સારવાર માટે તેમની પસંદગીના વ્યક્તિગત ડૉક્ટરની સલાહ લેવાની અરજીને ફગાવી દીધી હતી. રાઉઝ એવન્યુ કોર્ટના વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ આગ્રહ કર્યો હતો કે AAP નેતા જયારે ન્યાયિક કસ્ટડીમાં હોય ત્યારે તેમને પૂરતી તબીબી સારવાર પૂરી પાડવામાં આવે. કોર્ટે આદેશ આપ્યો કે જો સીએમ કેજરીવાલને જેલમાં વિશેષ સલાહની જરૂર હોય, તો જેલ સત્તાવાળાઓ એઈમ્સ દિલ્હીના ડાયરેક્ટર દ્વારા રચાયેલ મેડિકલ બોર્ડની સલાહ લેશે.

# રણવીરસિંહે ડીપફેક વીડિયો મામલે પોલીસમાં એફઆઈઆર નોંધાવી

મુંબઈ,તા.૨૨

બોલિવૂડ એક્ટર રણવીર સિંહે ડીપફેક વીડિયોને લઈને પોલીસમાં એફઆઈઆર નોંધાવી છે. રણવીર સિંહના સત્તાવાર પ્રવક્તાએ પોલીસ ફરિયાદની પુષ્ટિ કરી અને કહ્યું, "હા, અમે પોલીસ ફરિયાદ નોંધાવી છે અને રણવીર સિંહના એઆઈ-જનરેટેડ ડીપફેક વીડિયોને પ્રમોટ કરનાર હેન્ડલ વિરુદ્ધ એફઆઈઆરઈ દાખલ કરવામાં આવી છે). હકીકતમાં, લોકસભાના પહેલા તબક્કાના મતદાન પહેલા બોલિવૂડ એક્ટર રણવીર સિંહનો એક વીડિયો વાયરલ થયો હતો જેમાં તે કથિત રીતે પીએમ મોદી પર નિશાન સાધી રહ્યો હતો. પરંતુ આ વીડિયો ડીપફેક હોવાનું બહાર આવ્યું છે અને તેને વોઈસ ક્લોનિંગ દ્વારા બનાવવામાં આવ્યો છે.

મૂળ વીડિયોમાં, રણવીર સિંહ, વારાણસીમાં પોતાનો અનુભવ શેર કરતી વખતે, લોકોને તેમના વારસા સાથે જોડવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઉદ્દેશ્યને સમજાવી રહ્યા હતા. વાયરલ વીડિયોમાં રણવીર સિંહ કહેતો જોવા મળ્યો હતો કે, "મોદીજીનો ઉદ્દેશ્ય અમારી દયનીય જિંદગી અને ડર, અમારી બેરોજગારી, અમારી મોંઘવારી મનાવવાનો હતો.

# મફત રેવડી સિસ્ટમ પર સરકારે શ્વેતપત્ર લાવવું જોઈએ : પૂર્વ આરબીઆઈ ગવર્નર

નવીદિલ્હી,

રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવતી ફ્રીબીઝ એટલે કે મફતની રેવડી અંગે સરકાર દ્વારા શ્વેતપત્ર લાવવાની જરૂર છે. ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ)ના પૂર્વ ગવર્નર ડી. સુબ્બારાવે આ વાત કહી છે ભૂતપૂર્વ ગવર્નરે કહ્યું, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, સરકારની જવાબદારી છે કે લોકોને આ મફત ભેટોના ફાયદા અને ગેરફાયદા વિશે જાગૃત કરે.તેમણે કહ્યું કે ફ્રીબીઝ અને રાજકીય પક્ષોને આમ કરવાથી કેવી રીતે રોકી શકાય તેના પર વ્યાપક ચર્ચાની જરૂર છે.

ફ્રીબીઝને બોલચાલમાં 'રેવડી' કહેવામાં આવે છે અને તે આપવાની પ્રથાને 'રેવડી કલ્ચર' કહેવામાં આવે છે.તેમણે કહ્યું કે ભારત જેવા ગરીબ દેશમાં સમાજના સૌથી નબળા વર્ગના લોકોને કેટલીક મફત



સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી સરકારની છે. ઉપરાંત, આ મફત સુવિધાઓ કેટલા સમય માટે જરૂરી છે તે તપાસો.

# સુપ્રીમ કોર્ટે ૧૪ વર્ષની દુષ્કર્મ પીડિતાને ૩૦ અઠવાડિયાનું ગર્ભ દૂર કરવા મંજૂરી આપી

નવીદિલ્હી,

સુપ્રીમકોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણય કરતાં ૧૪ વર્ષની દુષ્કર્મ પીડિતાને ૩૦ અઠવાડિયાનું ગર્ભ દૂર કરવા માટે મંજૂરી આપી દીધી છે. મહારાષ્ટ્રની દુષ્કર્મ પીડિતાએ ગર્ભપાત કરાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેના પર ૧૯ એપ્રિલે કોર્ટે તાત્કાલિક સુનાવણી કરી પીડિતાનો મેડિકલ તપાસ કરાવવાનો આદેશ આપ્યો હતો.

આ મામલે સગીરાની માતાએ અગાઉ બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી. ૪ એપ્રિલે બોમ્બે હાઈકોર્ટે સગીરાને ગર્ભપાતની મંજૂરી આપી ન હતી. આ પછી બાળકીની માતાએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ મામલે સુનાવણી CJI ચંદ્રચુડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની ખંડપીઠે હાથ ધરી હતી. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને ફગાવી દીધો અને સગીરાનું મેડિકલ ચેકઅપ કરવાનો આદેશ આપ્યો હતો. આ મામલે આઈપીસીની કલમ ૩૭૬ અને પોસ્કો એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.સીજેઆઈ ચંદ્રચુડની ખંડપીઠે છેલ્લી સુનાવણીમાં કહ્યું હતું કે જાતીય શોષણ અંગે બોમ્બે હાઈકોર્ટે જે મેડિકલ રિપોર્ટને આધાર બનાવેલો તે સગીર પીડિતાની શારીરિક અને માનસિક સ્થિતિનું આકલન કરવામાં નિષ્ફળ રહ્યો છે.

# અમેરિકાએ પાકિસ્તાનના મિસાઈલ પ્રોગ્રામ માટે ટેક્નિકલ સપ્લાય પૂરી પાડતી ૩ ચીની કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો

ન્યુયોર્ક,

અમેરિકાએ પાકિસ્તાનના મિસાઈલ પ્રોગ્રામ માટે ટેક્નિકલ સપ્લાય પૂરી પાડતી એક બેલારુસિયન અને ત્રણ ચીની કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો છે. અમેરિકાના આ પગલાથી પાકિસ્તાને મોટો ઝટકો લાગ્યો છે અને તેમનું કહવું છે કે, નિકાસ નિયંત્રણનો રાજકીય ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

અમેરિકી વિદેશ મંત્રાલયે આ પ્રતિબંધની જાણકારી આપી ત્યારે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે પણ વિદેશ મંત્રી મુમતાઝ ઝહરા બલોચને



ટાંકીને એક નિવેદન બહાર પાડ્યું. પાકિસ્તાની વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, અમે નિકાસ નિયંત્રણોના રાજકીય ઉપયોગને નકારી કાઢીએ છીએ. તે જાણીતું છે કે આ એવા દેશો છે કે જેઓ પરમાણુ શસ્ત્ર નિયંત્રણને સખત રીતે અનુસરવાનો દાવો કરે છે. તેઓએ કેટલાક દેશો માટે અદ્યતન ટેક્નોલોજી માટે લાયસન્સની આવશ્યકતાઓને પણ માફ કરી દીધી છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રીના નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, આવા ભેદભાવપૂર્ણ અભિગમ અને બેવડા માપદંડો પરમાણુ હથિયારોને નિયંત્રિત કરતી સત્તાની વિશ્વસનીયતા પર સવાલ ઉભા કરે છે. આ રીતે લશ્કરી અસમાનતાને પ્રોત્સાહન આપવાથી પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ અને સુરક્ષાના ઉદ્દેશ્યો પણ નબળા પડે છે. આ પહેલા પણ પાકિસ્તાનના બેલેસ્ટિક મિસાઈલ પ્રોગ્રામ સાથે જોડાયેલા હોવાના આરોપો પર કોઈ પુરાવા દર્શાવ્યા વિના કેટલીક કંપનીઓ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. જોકે અમે અમેરિકાના નવા નિયમો અને નિયમોની વિશિષ્ટતાઓથી વાકેફ નથી. પરંતુ આ પહેલા પણ આપણે ઘણી વખત જોયું છે કે માત્ર શંકાના આધારે કાર્યવાહી કરવામાં આવી છે.

# ભગવાન રામ દરેકના છે, માત્ર હિન્દુઓના નહીં- ફારૂક અબ્દુલ્લા

રાંચી,

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે ભગવાન રામ માત્ર હિંદુઓના જ નહીં પરંતુ દરેકના છે. તેઓ રાંચીમાં વિપક્ષી ગઠબંધન 'ભારત'ની 'ઉલ્ગુલાન ન્યાય મહારેલી'ને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કોઈપણ પક્ષનું નામ લીધા વિના કહ્યું કે તેઓ ભગવાન રામને વેચી રહ્યા છે. તેઓ દાવો કરી રહ્યા છે કે તેઓ તેમને લાવ્યા છે. તેઓ ભગવાન રામને ઓળખતા નથી. રામ માત્ર હિંદુઓના જ નહીં, વિશ્વના છે. રામ દરેકના છે, પણ તેમણે રામને પોતાનો બનાવી લીધો છે અને દાવો કરી રહ્યા છે કે તેઓ માત્ર તેમના જ છે.

ફારુક અબ્દુલ્લાએ ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, તે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની લોકપ્રિયતાથી ડરે છે. તેને કોઈપણ ભૂલ વગર જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો. અબ્દુલ્લાએ લોકોને અપીલ કરી કે તેઓ દેશ અને લોકશાહીને બચાવવા ભારતીય ઉમેદવારોની તરફેણમાં મતદાન કરે. કેજરીવાલને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા ૨૧ માર્ચે દિલ્હીની એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

# કેજરીવાલ અને સોરેનની પત્નીઓ વિપક્ષી છાવણીમાં નિભાવી રહી છે મોટી ભૂમિકા

**સુનિતા કેજરીવાલ અને કલ્પના સોરેન ભારત ગઠબંધનના મહત્વના ચહેરા બની ગયા છે**

રાંચી,

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ અને જેએમએમના હેમંત સોરેનની ધરપકડથી તેમની પત્નીઓ, જેઓ સામાન્ય રીતે રાજકીય જગતની લાઈમલાઈટથી દૂર રહેતી હતી, લાઈમલાઈટમાં આવી ગઈ છે. અલબત્ત, લોકસભાની ચૂંટણી દરમિયાન તેમના જીવનસાથીની ગેરહાજરીમાં સુનીતા કેજરીવાલ અને કલ્પના સોરેન ઈન્ડિયા એલાયન્સના મહત્વના ચહેરા બની ગયા છે, જેનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે હવે તેઓ મોટી રાજકીય ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. બંનેએ રાંચીમાં ઈન્ડિયા એલાયન્સ રેલીમાં હાજરી આપી હતી, જેમાં વિપક્ષી કેમ્પે ભાજપ પર વિપક્ષ શાસિત રાજ્યોને હેરાન કરવા માટે કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. આ રેલીમાં અરવિંદ કેજરીવાલ અને હેમંત સોરેનના નામની ખુરશીઓ ખાલી પડી હતી, જ્યાં માત્ર તેમની પત્નીઓ જ બેઠી હતી. લોકસભા ચૂંટણી વચ્ચે ત્રસ્ત દ્વારા ઉલ્ગુલાન ન્યાય મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિપક્ષોએ પોતાની તાકાત અને એકતા દર્શાવી હતી. તેમાં મલ્લિકાર્જુન ખડગે, તેજસ્વી યાદવ, ભગવંત માન અને અખિલેશ યાદવ સહિત ૨૮ રાજકીય પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા.

રેલીમાં સુનીતા કેજરીવાલે આરોપ લગાવ્યો કે તેઓ મારા પતિ (અરવિંદ કેજરીવાલ)ને મારવા માંગે છે. તેમનો ખોરાક કેમેરાની દેખરેખ હેઠળ છે. તેને ઈન્સ્યુલિન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો છે. મારા પતિ ડાયાબિટીસના દર્દી છે, જે છેલ્લા ૧૨ વર્ષથી ઈન્સ્યુલિન લઈ રહ્યા છે. તેને દરરોજ ૫૦ યુનિટ ઈન્સ્યુલિનની જરૂર પડે છે. તેણે દાવો કર્યો હતો કે તેના પતિ પર લાગેલા કોઈપણ આરોપો સાબિત થઈ શક્યા નથી. તેઓ ચોક્કસપણે સરમુખત્યારશાહી સામેની લડાઈ જીતશે. જેલના દરવાજા તૂટશે અને અરવિંદ કેજરીવાલ અને હેમંત સોરેન બહાર આવશે. કલ્પના સોરેને ભાજપ પર આરોપ લગાવ્યો કે તે રાજ્યોમાં જ્યાં વિપક્ષી પાર્ટીઓ સત્તામાં છે ત્યાં સરકારોને તોડી પાડવાનો પ્રયાસ કરી રહી છે, અને દાવો કર્યો કે અરવિંદ કેજરીવાલ અને હેમંત સોરેનની ચૂંટણી પહેલા જ ધરપકડ કરવામાં આવી હતી.

# મહિલા સાથે દુષ્કર્મ, ધર્મ પરિવર્તન માટે કરી મજબૂર : ૭ વિરૂદ્ધ એફઆઈઆર

બેંગ્લુરૂ,

કર્ણાટકમાં ૨૮ વર્ષીય વિવાહિત મહિલાને તેના અસહજ ફોટાનો ઉપયોગ કરીને બ્લેકમેલ કરવાનો અને ઈસ્લામ ધર્મ અપનાવવા માટે મજબૂર કરવાના આરોપમાં સાત લોકો વિરૂદ્ધ એફઆઈઆર નોંધી છે. પોલીસના અનુસાર પીડિત મહિલાએ પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે આરોપીએ પોતાની પત્ની સામે રેપ ગુજાર્યો અને તેને બુરખો પહેરાવ્યો અને માથા પર 'કંકુ' નહી લગાવવા માટે મજબૂર કરવામાં આવી. પીડિત મહિલાએ આરોપ લગાવ્યો કે આરોપી રફીક અને તેની પત્નીએ પીડિત મહિલા સાથે છેડતી કરી અને તેની સાથે યૌન સંબંધ બનાવ્યા. ત્યારબાદ તેના અંતરંગ ફોટા લીધા, જેના દ્વારા તેને પીડિત મહિલાને બ્લેકમેલ કરી અને કહ્યું કે તે ઈસ્લામ ધર્મ અપનાવી લે.

પોલીસે જણાવ્યું હતું કે રફીક અને તેની પત્નીએ મહિલાને ૨૦૨૩ માં બેલાગાવીમાં તેમના ઘરે રહેવા દબાણ કર્યું હતું અને માંગ કરી હતી કે જે તે કહે તેનું પાલન કરે. મહિલાનો આરોપ છે કે ગયા વર્ષે જયારે તે ત્રણેય સાથે રહેતા હતા ત્યારે રફીકે તેની પત્નીની સામે જ તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. બેલાગવીના એસપી ભીમાશંકર ગુલેડાએ જણાવ્યું હતું કે તે જ મહિનામાં દંપતીએ કથિત રીતે મહિલાને 'કુમકુમ' ન પહેરવાનું કહ્યું હતું અને તેને બુરખો પહેરવા અને દિવસમાં પાંચ વખત નમાઝ અદા કરવા દબાણ કર્યું હતું. મહિલાએ આરોપ લગાવ્યો છે કે તેની વિરુદ્ધ જાતિ આધારિત અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.




ભાવનગર આવૃત્તિ 8 તા.૨૩-૦૪-૨૦૨૪, મંગળવાર

LEELA NEWS NETWORK P. LTD


# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




# ગોહિલવાડમાં હનુમાન જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી







## ભાવનગરના ગોળીબાર, ઝાંઝરીયા સહિતના મંદિરોમાં હનુમાનજીનો જન્મોત્સવ ઉજવાયો : સવારે મંગળા આરતી, મારુતિ યજ્ઞ, રામ દરબાર સંકીર્તન તેમજ મહાપ્રસાદ વિતરણ સહિતના ઠેર ઠેર થયેલા આયોજન : સવારથી હનુમાનજીના દર્શન કરવા મંદિરોમાં ઉમટી પડેલા ભાવિક ભક્તો

ભાવનગર, તા.૨૩

સમગ્ર સૌરાષ્ટ્ર ભરની સાથો સાથ આજે ગોહિલવાડ પંથકમાં આસ્થા અને ઉમંગભેર શ્રી હનુમાનજીના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. ભાવનગર શહેરમાં ગોળીબાર હનુમાનજી મંદિર, ઝાંઝરીયા હનુમાનજી મંદિર સહિત હનુમાનજી મંદિરોમાં આજે સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ભક્તિ ભાવપૂર્વક હનુમાનજીના જન્મોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સવારથી જ દર્શન કરવા મંદિરોમાં ભાવિક ભક્તોની ભીડ ઉમટી પડી હતી.

શહેરના પ્રસિદ્ધ ગોળીબાર હનુમાનજી મંદિરે આજે સવારે પૂજ્ય મદન મોહનદાસ બાપુની નિશ્રામાં હનુમાનજીના જન્મોત્સવની ઉજવણીનો પ્રારંભ થયો હતો સવારે મંગળા આરતી બાદ દાદાના દર્શન કરવા ભાવિક ભક્તોની ભીડ ઉમટી પડી હતી. બપોરે ભક્તોને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે શહેરના છેવાડે આવેલા પ્રસિદ્ધ ઝાંઝરીયા હનુમાનજી મંદિરે પણ આસ્થાભેર હનુમાન જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. અહીં રહેલી સવારથી દર્શન કરવા ભાવિકોની કતારો લાગી હતી. ઝાંઝરીયા હનુમાનજી મંદિરે વહેલી સવારે મંગળા આરતી બાદ છ કલાકે ધ્વજા રોહણ કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ સવારે ૧૦:૩૦ કલાકે થાળ આરતી કરાઈ હતી.બાદ મહાપ્રસાદની વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જ્યારે સાંજે ૭ કલાકે સંધ્યા આરતી કરવામાં આવશે અને રાત્રિના ૮-૩૦ કલાકે ભજન સંધ્યાનુ પણ આયોજન કરવામાં આવ્યું છે. અહીં સવારથી જ દર્શન અને મહાપ્રસાદ માટે ભાવિકોની ભારે ભીડ ઉમટી પડી હતી. અધેવાડા ખાતે આવેલ ફૂલઝરીયા હનુમાનજી મંદિરે પણ આજે સવારથી જ દર્શન કરવા ભાવિકો ઉમટી પડ્યા હતા.

આ ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા હનુમાનજીના મંદિરોમાં આજે આસ્થાભેર હનુમાનજીના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. ઠેર ઠેર આરતી, મારુતિ યજ્ઞ, રામ દરબાર તેમજ ભોજન મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે આ ઉપરાંત અનેક સ્થળોએ અખંડ રામધૂન તથા સુંદરકાંડના પાઠનુ પણ આયોજન કરવામાં આવ્યું છે આમ આજે હનુમાનજીના જન્મોત્સવની ભાવભર ઉજવણી કરવામાં આવી હતી.

## સાળંગપુરમાં દાદાના દર્શને હૈયે હૈયું દળાયું



# ઝાંઝરીયા મંદિરે હનુમાન જન્મોત્સવની ઉજવણી, હજારો ભાવિકો દર્શનાર્થે ઉમટ્યા

### ઝાંઝરીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા ગામ સમસ્ત દ્વારા વિશિષ્ટ આયોજન : સવારે ધ્વજારોહણ, પૂજન બાદ મહાપ્રસાદ વિતરણ- આજે સાંજે ભજન સંધ્યા યોજાશે






ભાવનગર,તા.૨૩

ભાવનગરના અધેવાડાના પ્રસિધ્ધ ઝાંઝરીયા હનુમાનજીના મંદિરે શ્રી ઝાંઝરીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટના નવા ટ્રસ્ટીઓ તથા ગામ સમસ્ત દ્વારા આજે હનુમાન જન્મોત્સવ ખુબ જ આસ્થા અને ભાવભેર ઉજવાયો હતો. સવારથી જ ભાવિકોની ભીડ દાદાના દર્શનાર્થે રહી છે. અહી સવારે ધ્વજા રોહણ સહિતના ધાર્મિક કાર્યક્રમો થયા હતા. બાદમાં મહાપ્રસાદ વિતરણનો પ્રારંભ થયો હતો. આજના દિવસે હજારો ભાવિકોને પંગતમાં બેસાડીને મહાપ્રસાદ પીરસવામાં આવ્યો હતો. જ્યારે સાંજે ભજન સંધ્યાનો કાર્યક્રમ પણ ઝાંઝરીયા હનુમાનજી દાદાના સાનિધ્યમાં આજે યોજાનાર છે.

તાજેતરમાં ટ્રસ્ટ દ્વારા મંદિરના વિકાસ માટે સક્રિય પ્રયાસો હાથ ધરાયા છે. ત્યારે હનુમાન જયંતિ મહોત્સવનું આયોજન વિશિષ્ટ બની રહે તે માટે ટ્રસ્ટીઓ, સ્વયંસેવકો અને ગ્રામજનોની મહેનત રંગ લાવી હતી. ઉલ્લેખનીય છે કે, પ્રતિવર્ષ હનુમાન જયંતિ પર્વે હજ્જારો ભાવિકો દાદાના દર્શનાર્થે ઉમટી પડે છે ત્યારે ભાવિકોની ભીડને ધ્યાને રાખી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

બગદાણાના જગપ્રસિધ્ધ પૂ.બજરંગદાસ બાપાના જન્મસ્થળ પણ ઝાંઝરીયા હનુમાનજી મંદિર રહ્યું છે ત્યારે પૂ.બજરંગદાસબાપાનો સેવક વર્ગ પણ ઝાંઝરીયા હનુમાનજી મંદિર સાથે ખુબ જ શ્રદ્ધાથી જોડાયેલ છે. આજે સવારે હનુમાન જન્મોત્સવનો પ્રારંભ થયો હતો જેમાં પ્રારંભે સવારે ૬ કલાકે ધજારોહણ ત્યારબાદ ધ્યાનયોગ પ્રાણાયામ, સવારે ૧૦-૩૦ કલાકે થાળ આરતી ત્યારબાદ મહાપ્રસાદ વિતરણનો પ્રારંભ કરાયેલ.

ઝાંઝરીયા હનુમાનજી મંદિરના વિકાસ માટે શહેરના અગ્રણી ઉદ્યોગપતિ અને લીલા ગૃપના ચેરમેન કોમલકાંત શર્મા શ્રધ્ધા અને ભાવથી રસ લઈ રહ્યા છે ત્યારે આજના દિવસે તેમણે ઝાંઝરીયા દાદાને શિશ ઝુકાવી દર્શન તથા આરતીનો લાભ લીધો હતો. ઉપરાંત તેમણે શ્રદ્ધાળુઓની સાથે મહાપ્રસાદ પણ લીધો હતો. આ તકેહનુમાન જન્મોત્સવના મુખ્ય સહયોગી એવા હરિહર પ્રસાદી-માતૃશ્રી શિવકુવરબા સનાતન સંસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટ સચિન, ધર્મેશભાઈ સુરતવાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

### પ્રસિધ્ધ ભજનીક અયોધ્યાદાસજી તથા સાહિત્યકાર ભદ્રેશદાન ગઢવી દ્વારા સાંજે ભજન સંધ્યા

**હનુમાન જયંતિ પ્રસંગે આજે મંગળવારે સાંજે ૭ કલાકે સંધ્યા આરતી અને ૮-૩૦ કલાકથી ભજન સંધ્યા યોજાશે જેમાં પ્રસિધ્ધ ભજનીક અયોધ્યાદાસજી નિમાવત-(મુંબઈ) અને કલાકાર વૃંદ તેમજ પ્રસિધ્ધ સાહિત્યકાર ભદ્રેશદાન ગઢવી કલા પીરસશે.**

### લીલા ગૃપના ચેરમેન કોમલકાંત શર્માએ હનુમાન જન્મોત્સવમાં સામેલ થઈ આરતી અને દર્શનનો લાભ લીધો

## નવાગામમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે શખ્સની ધરપકડ

### વરતેજ પોલીસે વિદેશી દારૂની ૭૫ બોટલ કબજે કરી

ભાવનગર તા.૨૩

વરતેજ તાબેના નવાગામ ( ચિરોડા ) માંથી વરતેજ પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫ બોટલ સાથે ભાવનગરના કરચલીયાપરા વિસ્તારમાં રહેતા શખ્સની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

વરતેજ પોલીસ સ્ટાફ આજે રહેલી સવારે પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મળેલી બાતમીના આધારે નવાગામ (ચિરોડા)ની પ્રાથમિક શાળાની પાછળ આવેલ અવાવરું જગ્યામાં વિદેશી દારૂનો જથ્થો રાખીને ઉભેલા જયેશ નટુભાઈ ચુડાસમા (રહે. આગરીયાવાડ, બદાનો ડેલો, પ્રેસ રોડ, કરચલીયાપરા, ભાવનગર)ને ૭૫ બોટલ, કિંમત રૂ.૨૮,૨૧૫/- અને મોબાઈલ ફોન નંગ-૦૧ મળી કુલ રૂ.૩૮,૨૧૫/- ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## મોટી પાણીયાળી ગામમાં જુગાર રમતા છ પત્તાપ્રેમીઓની ધરપકડ

ભાવનગર તા.૨૩

પાલીતાણા તાલુકાના મોટી પાણીયાળી ગામમાં આવેલ સ્મશાન પાસે જુગાર રમતા ગામના ૦૬ ઈસમોને પાલીતાણા ગ્રામ્ય પોલીસે રોકડ રકમ સાથે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પાલીતાણા રૂરલ પોલીસ ગત રાત્રીના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે મોટી પાણીયાળી ગામમાં આવેલ સ્મશાન પાસેની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ગામના નિર્મળસિંહ જેમભા વાળા, મુકેશ મોનાભાઈ ખેરાળા, મુન્નાભાઈ વશરામભાઈ વાઘેલા, મંગા ગોબરભાઈ વાઘેલા, મેહુલ મનુભા ગોહિલ અને ભરત પરસોતમભાઈ સરવૈયાને રોકડા રૂ. ૭,૨૩૯/- સાથે ઝડપી લઈ તમામ વિરુદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## મહુવાના બે શખ્સ વિદેશી દારૂની બે બોટલ સાથે ઝડપાયા

ભાવનગર તા.૨૩

મહુવાના જનતા પ્લોટ વિસ્તારમાંથી મહુવા પોલીસે વિદેશી દારૂની ૦૨ બોટલ સાથે ૦૨ શખ્સની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. મહુવા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મળેલી બાતમીના આધારે મહુવાના જનતા પ્લોટ વિસ્તારમાં આવેલ મગન કરશનના પૂતળા પાસેથી આશુતોષગીરી જીતેન્દ્રગીરી ગોસ્વામી અને જોરું ઉર્ફે જોકર જશુભાઈ બારૈયાને વિદેશી દારૂની ૦૨ બોટલ તેમજ એક્સેસ સ્કૂટર મળી કુલ રૂ.૫૦,૬૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ચોરી કરેલા બે બાઈક વેચે તે પહેલાં જ ઈસમને ઝડપી લેતી એલસીબી

### પાલીતાણાના શખ્સ પાસેથી રૂ.૮૭ હજારનો મુદામાલ જપ્ત કરાયો, વાહન ચોરીના ત્રણ ગુન્હાઓનો ભેદ શોધી કાઢતી ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ



ભાવનગર, તા.૨૩

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન મળેલી પૂર્વ બાતમીના આધારે શહેરના જવાહર મેદાન ખાતે રેડ કરી પાલીતાણાના એક ઈસમને બે ચોરી કરેલા સ્પ્લેન્ડર મોટરસાયકલ સાથે ઝડપી લીધો હતો અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં માણસો ભાવનગર સીટી વિસ્તારમાં ખાનગી વાહનોમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન બાતમીરાહે હકિકત મળેલ કે એક ઈસમ બે ચોરાઉ સ્પ્લેન્ડર મોટર સાયકલ લઈને જવાહર મેદાન, કંસારા કબ્રસ્તાન પાસે, બાવળની કાંટમાં ઉભેલ છે અને બહારથી ગ્રાહકોને બોલાવીને મોટર સાયકલો વેચવા માટે બતાવે છે.જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા સમીરભાઈ સલીમભાઈ ડેરૈયા ઉ.વ.૨૩ ધંધો-મજુરી રહે.પરીમલ પુલ પાસે, સરકારી શૌચાલયની બાજુમાં, પાલીતાણા મુળ-શેરી નંબર -૦૬,ખેર મસ્જીદ પાછળ, મોતીતળાવ, ભાવનગર વાળો શંકાસ્પદ બે કાળા કલરના હીરો સ્પલેન્ડર બાઈક સાથે મળી આવ્યો હતો.જે મોટર સાયકલ અંગે તેની પુછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપતાં ન હોય. જેથી આ મોટર સાયકલ-૦૨ તેણે ચોરી અગર તો છળકપટથી મેળવી લાવેલ હોવાથી તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ.

આ માણસની પુછપરછ કરતાં આજથી ઈદના દિવસે રાત્રીના સાડા દસેક વાગ્યે જવાહર મેદાનમાં આનંદ મેળાની ગેઈટની બાજુમાંથી હિરો સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ ચોરી કરેલ. તા.૧૪ના રોજ સેલવાસ,કલેકટરના બંગલા પાસે રોડ ઉપરથી હિરો સ્પ્લેન્ડર પ્લસ કાળા કલરની મોટર સાયકલની ચોરી કરેલ. આજથી આશરે સાડા ત્રણેક મહિના પહેલા ભાવનગર ચાવડી ગેઈટ, વિજય ટોકીઝ, મનિષ ટ્રેડર્સ દુકાન પાસેથી હોન્ડા કંપનીની SP 125 CCની કાળા કલરની મોટર સાયકલની ચોરી કરી તે મોટર સાયકલ અશરફ ઉર્ફે મુલો રહે.ગોવિંદા કોમ્પ્લેક્સ, સેલવાસવાળાને આપી દીધેલ હોવાનું જણાવેલ. જે અંગે આગળની વધુ તપાસ થવા માટે ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ. આ અંગે નિલમબાગ પોલીસ સ્ટેશન તથા સેલ્વાસ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા તજવીજ હાથ ધરેલ છે.